હરિઃૐ



# જીવનઝલક

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા

વિરચિત

# જીવનઝલક

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.



| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૧ | ૧૨૫૦ | ત્રીજી | ૨૦૦૭ | ૨૫૦ |
| બીજી | ૧૯૯૯ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨ + ૧૮૦ = ૧૯૨

❑ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પિતાશ્રીના શુભ સંસ્કારો થકી
પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવનાર પરિવાર
અને
પિતાશ્રીની સ્મૃતિમાં હરિઃૐ આશ્રમને
મદદરૂપ થનાર
**કુમારી શ્રી લીલાબહેન કાનજીભાઈ ભગત**ને
**'જીવનઝલક'**ની આ ચોથી આવૃત્તિ
સપ્રેમ સમર્પણ કરીએ છીએ.

ગુરુપૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦

ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ,
સુરત

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

**શ્રી પી. એન. ભગવતીસાહેબને તથા અ.સૌ. પ્રભાવતીબહેનને**

(અનુષ્ટુપ)

સૌમ્ય પ્રસન્નતા મુખે ગૌરવાન્વિત જીવન,
પ્રગલ્ભ વિદ્વતાથી શા શોભી રહ્યા પ્રભુ-પદ ! ૧

પદે જીવનના ઉચ્ચ, છતાં શી નમ્રતા છટા !
કેવો જીવનનો ભાવ ધારીને દિલ જીવતા ! ૨

કેવી તટસ્થતા ન્યાયે પાસાં અનેક તોળીને,
બલિષ્ટતા શી નિર્ભીત જેને છે વ્યક્ત જીવને ! ૩

પ્રભુપ્રીત્યર્થના ભાવે કર્મયજ્ઞ હુતાશન-
-જલાવી જીવને કેવું શોભે તેજસ્વી જીવન ! ૪

પ્રિય ભગવતી નામ લાગે વ્હાલું રૂડું હૃદે,
'થજો સાર્થક સંપૂર્ણ તે' એવી પ્રાર્થના પદે. ૫

મળ્યા જીવનમાં **એવા** પ્રભુકૃપાથી શા મને !
સમર્પણાંજલિ ભાવે ધરી કૃતાર્થ થઉં પદે. ૬

**- મોટા**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવનઅનુભવગીત'** છપાતું હતું, ત્યારે એક શ્રીમતી ડૉક્ટર બહેને વિનંતી કરી કે 'મોટા, મને પણ રોજની એકાદ ગઝલ પોસ્ટકાર્ડ દ્વારા લખી મોકલો, તો તે બધી એકઠી થયે, તે પુસ્તકરૂપે છપાવીશ.' શ્રીપ્રભુકૃપાથી તે નિમિત્તે મળ્યું, તેને શ્રીપ્રભુકૃપાની અણમોલ પ્રસાદી સમજું છું.

આવું યોગ્ય નિમિત્ત મળવાથી સ્મરણના સાધનને શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** કેવી રીતે જીવનમાં તાણાવાણાની પેઠે વણી લીધેલું છે, તેનો ઈતિહાસ થોડો ઘણો પણ લખવાનો જે અવસર મળ્યો છે, તેને હું મારું સદ્‌ભાગ્ય ગણું છું.

'જીવનઅનુભવગીત', 'જીવનલહરિ' અને 'જીવનઝલક' એ ત્રણે પુસ્તકોમાં સ્મરણને મેં જે રીતે બહુવિધ દોહરાવ્યું છે, તે જોતાં **આ જીવે** સ્મરણ સાધનને જે ભાવે અને જે હેતુની સભાનતાથી લીધા કરેલું છે, તેનો સળંગ ઈતિહાસ તો નહિ, પરંતુ તેનો કંઈક ઈશારો તો મળી શકે તેવું છે.

શ્રીપ્રભુકૃપાથી કેવાં કેવાં નિમિત્ત મળ્યાં છે અને તે નિમિત્તોએ મને જે મદદ કરેલી છે, તેનો પણ એક સ્વતંત્ર અને નોખો ઈતિહાસ છે. એવાં અનેક સ્વજનોના અને **આ જીવ**ના.

(અનુષ્ટુપ)

**'દોષો કેવા થયેલા જે તેના તે પરિણામને-**
**'શૂળીનું વિઘ્ન સોયેથી ટળે', તે ભાવથી હૃદે,**
**મળ્યાં-નિમિત્ત-સંબંધે વર્તાતાં, હેતુથી જ તે-**
**-ભોગવાતાં, સ્તવું, મોળું થજો દોષનું જીવને.'**

પ્રત્યેક કંઈક પ્રાર્થના કરી કરી શ્રીપ્રભુનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે સમર્પણ કર્યા કરવાનો જે જ્ઞાનભાન સાથેનો જીવંત અભ્યાસ પડ્યા કરેલો છે, તેથી તેવાં તેવાં નિમિત્ત સંબંધોનાં તેવાં તેવાં સ્મરણને પણ સમર્પણભાવે શ્રીહરિનાં ચરણકમળમાં શુદ્ધ થવા સમર્પણ કરી કરી પ્રાર્થું છું કે :-

(અનુષ્ટુપ)

**થવા પાત્ર પ્રભુને તે સ્વજન દિલમાં ઊંડું,**
**'ડંખનું ભાન પ્રેરાવી જગાડો તેમને', સ્તવું.**

જે રીતે, જે ભાવે શ્રીભગવાનને મારાથી ભજવાનું થયેલું છે, તે જ મેં સ્વજનોને ગાઈ બતાવ્યું છે અને સ્વજનોને પણ પોતાને શ્રેયાર્થી થવાની ઉત્કટ ઝંખના હોય, તો તેવાએ પણ કેવું કેવું થવું જોઈશે, તે પણ શ્રીપ્રભુકૃપાથી દર્શાવવાનું થયેલું છે.

નિમિત્ત હેતુએ મળેલાં સ્વજનો મારાં આવાં લખાણને સ્વીકારી પ્રેમથી વધાવી લેશે એવી શ્રદ્ધા સેવું છું.

તે ડૉક્ટર બહેનનો હૃદયથી આભાર માનું છું કે મને આવી રીતે વ્યક્ત થવાની તક તેમણે પ્રેરાવી.

આ તો માત્ર જોડકણાં છે અને તે રીતે શ્રેયાર્થી એને સ્વીકારશે એવી વિનંતી છે.

હરિઃૐ આશ્રમ, **— મોટા**
શેઢી નદી, નડિયાદ.
તા. ૧૯-૮-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી સોમાભાઈ ભાવસાર, શ્રી રતિલાલ મહેતા અને રમેશભાઈ ભટ્ટે–આ **'જીવનઝલક'**ની ગઝલોનાં મથાળાં કરવામાં, ક્રમબદ્ધ ગોઠવવામાં અને તેને તેને યથાસ્થાને મૂકી, તેને છપાવવા યોગ્ય સ્થિતિ તે લખાણને મૂકી આપ્યું છે, તે માટે તેમનો હૃદયથી આભાર માનું છું.

લાઈટ પબ્લિકેશન્સે આ 'જીવનઝલક'ને સવેળા સદ્‌ભાવ સહ છાપી આપવાનું કર્યું છે, તે કાજે તેમનો પણ આભાર માનું છું.

આ પુસ્તકના મુખ્ય વિક્રેતા મેસર્સ આર. આર. શેઠની કંપનીવાળાએ પૂજ્ય શ્રીમોટાનાં જે પુસ્તકો છપાય, તેને સવેળા વેચી અપાવી–રકમ હરિઃૐ આશ્રમને આપી દેવાનું સ્વીકાર્યું છે, તે કાજે તેમનો પણ આભાર માનું છું.

પૂજ્ય શ્રીમોટાના **આ** 'જીવનઝલક'ને આવાં એમનાં બીજાં જે કાવ્યનાં (જોડકણાંનાં) પુસ્તકો છપાતાં જાય છે, તે ઉપરથી **एमनी** સાધનાવિકાસનો થોડો ઘણો કંઈક પરિચય થાય છે, તે આનંદની હકીકત છે.

'જીવનઝલક'નું છાપખાનાનું છપાયેલું બધું શ્રી સોમાભાઈ ભાવસારે તપાસી આપ્યું છે, તે બદલ તેમનો સહૃદયતાપૂર્વક આભાર.

આ પુસ્તકની બધી જ કિંમત લેખકને અંગત જવાની નથી, પરંતુ સંપૂર્ણપણે પરમાર્થમાં જ ખર્ચાવાની છે, તેમ જાણી પ્રત્યેક વાચક એને ખપાવી અપાવવામાં મદદ કરશે, એવી વિનંતી છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **નંદુભાઈ**

તા. ૨૦-૮-૧૯૭૧ — વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનઝલક'** પુસ્તકની આ બીજી આવૃત્તિ પ્રગટ કરતાં ઘણો જ આનંદ અનુભવીએ છીએ.

પ્રથમ આવૃત્તિમાં સ્વ. શ્રી સોમાભાઈ ભાવસાર, શ્રી રતિલાલ મહેતા અને શ્રી રમેશભાઈ ભટ્ટે આ 'જીવનઝલક'ની ગઝલોનાં મથાળાં કરવામાં, ક્રમબદ્ધ ગોઠવવામાં અને તેને યથાસ્થાને મૂકી, તેને છપાવવા યોગ્ય સ્થિતિએ લખાણને મૂકી આપ્યું છે, તે માટે તેમનો હૃદયથી આભાર માનીએ છીએ.

શ્રી ઠાકોરલાલ કાલીદાસ શાહનો આ પુસ્તકની બીજી આવૃત્તિ છપાવવા માટેનો આર્થિક સહયોગ મળ્યો છે, તે બદલ અમો તેમના આભારી છીએ.

આ પુસ્તકની બીજી આવૃત્તિની મુદ્રણશુદ્ધિનું કાર્ય ખૂબ જ ખંતપૂર્વક અને ચોકસાઈથી શ્રી જયંતીભાઈ જાનીએ કર્યું છે, તે બદલ અમો તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકની આકર્ષક આવરણ ડિઝાઈન તૈયાર કરી આપનાર શ્રી મયૂરભાઈ જાનીનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ટાઈટલને ચાર રંગમાં છાપી આપનાર સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી વાચકો આ પુસ્તકને વાંચી તેના હાર્દને જીવનમાં ઉતારી જીવનની ધન્યતા પામશે તેવી આશા છે.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**
નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૧-૫-૧૯૯૯

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાની જીવનસાધના કથા વ્યક્ત કરતું જે સાહિત્ય સર્જન કર્યું તેમાં 'જીવનઝલક'નો સમાવેશ થાય છે. જોકે કોઈ નિમિત્ત મળ્યેથી અને તે પ્રકાશન છપાવવાનો સહયોગ મળ્યેથી જ એ સાહિત્યનું પ્રકાશન થતું રહેલું.

'જીવનઝલક'ની બીજી આવૃત્તિ સને ૧૯૯૯માં પ્રકાશિત થયેલી. પદ્યરચનાનાં પુસ્તકોની ખરીદીમાં સ્વજનોની રુચિ કંઈક અંશે ઓછી છે. છતાં હાલમાં આ પુસ્તકની એક પણ પ્રત પ્રાપ્ય નથી. જે ખોટને પૂરવા માટે અને પૂજ્યશ્રીનો અક્ષરદેહ જિજ્ઞાસુ શ્રેયાર્થીને ઉપલબ્ધ હોવો જોઈએ એવી ભાવનાથી 'જીવનઝલક'ની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી આશા અને શ્રદ્ધા છે.

તા. ૨૯-૭-૨૦૦૭ — ટ્રસ્ટીમંડળ,<br>
ગુરુપૂર્ણિમા — **હરિઃૐ આશ્રમ, સુરત**

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સ્મરણની લત લગાડીને | ... | ૧ થી ૬૧ |
| ૨ | જીવન મથવું થયેલું છે | ... | ૬૨ થી ૮૨ |
| ૩ | પડી રહેવા ચરણ તારે | ... | ૮૩ થી ૯૦ |
| ૪ | હરિનો માત્ર આધાર | ... | ૯૧ થી ૧૦૫ |
| ૫ | અમારી જો મદદ ઇચ્છો | ... | ૧૦૬ થી ૧૩૩ |
| ૬ | અમારે ફાવતું કરીએ | ... | ૧૩૪ થી ૧૪૨ |
| ૭ | અનુભવ એકલો જાણે | ... | ૧૪૩ થી ૧૭૬ |


❑

# જીવનઝલક

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧ લો

# સ્મરણની લત લગાડીને



સ્મરણની લત લગાડીને સ્મરણ અભ્યાસથી હૃદયે,
હૃદયથી પ્રાર્થના, કીર્તન, નિવેદન શાં કરાવ્યાં છે !

હરિ:ૐ

## પ્રભુચરણે

જીવનમાં આંધળો થઈને, બહુ ભટક્યા કરી કરીને,
વળી ફાંફાં જ મારીને સમય વ્યર્થ ગુમાવ્યો છે.

હૃદય સમજણ થતાં એવી થઈ જાગ્રત, જઈ ચેતી,
સીધે પથ ચાલવા માંડ્યું, છતાં ભૂલું પડાયું છે.

પથે શી ભુલભુલવણી છે ! ત્યહીંનો ત્યહીં જ અથડાઈ,
છતાં જ્યાં સાન જાગી છે, તને પોકાર પાડ્યો છે.

સ્મરણની લત લગાડીને સ્મરણ અભ્યાસથી હૃદયે,
હૃદયથી પ્રાર્થના, કીર્તન, નિવેદન શાં કરાવ્યાં છે !

હૃદય સન્મુખ સદ્‌ગુરુને જરૂર ધાર્યા કરેલા છે,
થતાંમાં આડુંઅવળું જ્યાં, પ્રભુચરણે નિવેદ્યું છે.

હરિ:ૐ

## સ્મરણશક્તિ

મને જેવો રખાવ્યો છે, હૃદય તેવો રખાવીને-
રીઝવવા દિલ પ્રભુ તુજને, સતત મુજ નેમ દિલની છે.

જીવનમાં તો હરિ ! તારો બધો આધાર મુજને છે,
જીવાયું છે પ્રભુ તેથી, તને દિલમાં ધરાવ્યો છે.

સ્મરણથી દિલમાં ઊંડે સ્મરણ જેનું થતું રહે છે.
હૃદય તેના પરત્વેનો ખરેખર ભાવ જાગે છે.

સ્મરણમાં ભાવ હૈયાનો પરોવાતાં ઊંડે ઊંડે,
સ્મરણ ત્યારે સ્મરણ ના છે, સ્મરણશક્તિ હૃદય ત્યારે.

હરિઃૐ

## સ્મરણની છાલકો

સ્મરણની છાલકો વાગે શરીર અંતરતણાં કરણે,
ભીંજાઈ ભાવમાં ભાવે નીગળતાં મુગ્ધ શાં બાજે ?

સ્મરણના જોશમાં કેવું બધુંયે દિલ ગાજે છે !
શરીરની નિમ્ન કક્ષાથી ઊંચા ભાવે તરાવે તે.

સ્મરણ જ્યાં ગાજતું ભાવે, શરીર કેવું બને હળવું !
હૃદય એકાગ્રતા પ્રગટી, પ્રસરવા લાગતું કેવું !

સ્મરણ અભ્યાસથી મુજને હવે કોઠે પડેલું છે,
હૃદય તે ભાવવા લાગ્યું હૃદય ગમતું થયેલું છે.

હરિઃૐ

# હવે પોતે વરેલું છે

સ્મરણ જ્યારે શરૂ કર્યું છે, સ્મરણમાં ના કશો દમ છે,
સ્મરણ તે કાળનું બકરી ગળા આંચળ સમું તે છે.

સ્મરણ તે મંદ ગતિનું શું ! સ્મરણ અટકી જતું કેવું !
સ્મરણ ગોદાટું, તોયે શું ગળિયા તે બળદ જેવું.

છતાં કેમે કરીને હું સ્મરણને તો શક્યો વળગી,
કર્યો પુરુષાર્થ શો બનતો છતાં કારી ન ફાવી શી !

સ્મરણને તોય મેં તો દિલ ફરી ફરી પકડી રાખ્યું છે,
કૃપા સ્મરણે કરી મુજ પર હવે પોતે વરેલું છે.

હરિઃૐ

## પ્રાર્થનાએ ભાગ ભજવ્યો છે

સ્મરણને જીવતું કરવાતણો ઇતિહાસ ન્યારો છે,
કંઈ હારો, કંઈ યુદ્ધો, બહુ કંઈ વાર પ્રગટ્યાં છે !

સ્મરણ લેવા છતાં કેવું જીવનની નિમ્ન ગતિમાં તે,
સરકી સરકી જવાયું છે, સ્મરણને તોય લીધું છે !

સ્મરણથી દિલમાં અગ્નિ પૂરો પસ્તાઈને કેવો,
જીવનમાં પ્રગટી શું ભારે મને ત્યારે તપાવ્યો છે !

શી નિમ્ન, ઊર્ધ્વ જીવનની હૃદયની ખેંચતાણોમાં,
હૃદયની પ્રાર્થનાએ શો ખરેખર ભાગ ભજવ્યો છે !

હરિઃૐ

# જીવનસિદ્ધિ મળેલી છે

ઊંચોનીચો જીવનમાં શો મને તો કેટલી વાર,
જીવનની નિમ્ન ગતિએ તે કરાવેલો, પડી ફાળ.

બધી તે નિમ્ન ગતિમાં શો મને રસ ત્યાં પડેલો છે !
જગાયું ના જરા મુજથી, ખરેખર કમનસીબી તે.

સ્મરણઆશ્રય લઈ લઈને છતાં શા યત્ન કીધા છે,
પડાયું તોય, ફરી ફરીને, મથાયું જાગવાને છે.

હૃદય તેવી થઈ વૃત્તિ કૃપાની મહેરબાની તે,
ઉઠાયું છે, પડાયું છે, વળી પાછું જીવનમાં તે.

અનેકે વાર જીવનમાં શી વારાફેરી એવી તે,
પ્રગટતાં, સામનો કરતાં જીવનસિદ્ધિ મળેલી છે.

હરિઃૐ

## જીવનના લક્ષ્યનું બિંદુ

સ્મરણકેરા નિયમને મેં બરાબર નિત્ય પાળ્યો છે,
નિયમને પાળવાથી તો મનોબળ દૃઢ થયેલું છે.

જીવનમાં શક્તિ નિશ્ચયની મનોબળ દૃઢ શી જાગી છે !
જીવન નિશ્ચયબળે કેવું ઘડાતું ભવ્ય ચાલ્યું છે.

જુદા જુદા તબક્કામાં જીવન બદલાતું શું રહે છે !
અને નોખા બધાંથીયે શું તારવવાતણું દિલ છે !

થતું જે જે રહે તેમાં જીવંતું લક્ષ સમતાનું,
સતત રહે ચેતનાત્મક તે જીવનના લક્ષ્યનું બિંદુ.

હરિઃૐ

# સ્મરણની ટેવથી

સ્મરણની પાછળ સમજણ મને પ્રગટી નહોતી કૈં,
સ્મરણ તોયે લીધા કર્યું છે, રટણની રીતથી મેં તે.

સ્મરણ ઊડઝૂડિયું મેં તો શરૂ શરૂમાં કરેલું છે,
છતાં અભ્યાસથી નિતના સ્મરણ ગમતું થયેલું છે.

હૃદય ગમતું થતાં, તેની જીવન લહેજત અનેરી છે,
હૃદય ગમતું થતાં કેવું હૃદય લેવા સ્વીકારે તે !

સ્મરણની ટેવથી કેવો થયો છે ફેરબદલો તે !
સ્મરણમાં આપમેળેયે સ્મરણથી તે જણાયે છે.

હરિઃૐ

# શક્તિસાધન

સ્મરણ પાછળ પડી પડીને સ્મરણ અભ્યાસ પાડ્યો છે,
સ્મરણ અભ્યાસથી કેવું સ્મરણ હૃદયે ચઢેલું છે !

સ્મરણ સાધન શું નાનકડું ! છતાં પરિણામ ભારે તે,
જીવનમાં નિપજાવે છે, જીવન નવલું બનાવે છે.

સ્મરણ શરૂમાં થયું હૃદયે શું કંટાળાથી બેળે તે,
છતાં પાછો હઠ્યો ના હું, લીધા મેં તો કરેલું છે.

હૃદય જીવંત અભ્યાસે હૃદય વળગી રહેવાતાં,
ઊગી અનન્યતા તેમાં, બને તે શક્તિસાધન ત્યાં.

હરિઃૐ

# જીવનમાં ભાગ શો ભજવે

શરૂ શરૂમાં સ્મરણમાં તો ન ઊર્મિ જાગતી સહેજે,
છતાં મેં તો સ્મરણને શું ખરેખર પકડી રાખ્યું છે.

હૃદય એમ નિત્ય અભ્યાસે સ્મરણ કાયાપલટ થઈ છે,
સ્મરણમાં **જીવ** પ્રગટીને સ્મરણ જીવતું થયેલું છે.

સ્મરણથી ભાવશક્તિનો જીવન અનુભવ થયેલો છે,
સ્મરણ એ તો હવે નૂતન જીવન શણગાર સુંદર છે.

સ્મરણ અખંડ જીવંતું થતાં ચેતનવંતું હૃદયે,
જીવનમાં ભાગ શો ભજવે, અનુભવી માત્ર પ્રીછે તે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસથી જીવન

સ્મરણ અભ્યાસ પડવાથી સ્મરણની લહે જ લાગી છે,
હૃદય એ લહે જ લાગ્યાથી સ્મરણ થયું ભાવતું હૃદયે.

થવાથી ભાવતું, હૃદયે સ્મરણમાં સ્નેહ લાગ્યો છે,
હૃદય તે સ્નેહને લીધે ઊંડો અનુરાગ જાગ્યો છે.

હૃદય અનુરાગ લાગ્યાથી સ્મરણનો છંદ લાગ્યો છે,
હૃદય તે છંદના તાને સ્મરણ જીવતું થયેલું છે.

સ્મરણ અભ્યાસથી જીવનતણું તે ભાન જાગ્યું છે,
અને એ ભાન જીવતું થતાં, જીવન સ્ફુરેલું છે.

હરિ:ૐ

# સ્મરણકીમિયો

સ્મરણ અભ્યાસ પાડ્યાથી સ્મરણ કેવું કરેલું છે !
સ્મરણની શી ગરજ લાગી ! સ્મરણ તેથી થયેલું છે.

સ્મરણ દિલમાં થતાં કેવો સ્મરણનો રસ પડેલો છે !
વિના રસ, ના કશામાંયે જરા પણ **પ્રાણ** જાગે છે.

સ્મરણકીમિયો મને લાધ્યો શરીરના રોગને લીધે,
ઊગરવા રોગથી મેં તો સ્મરણ ઉપાય લીધો છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ હૃદયનું પ્રાર્થના સાધન,
નિવેદન, દિલ સન્મુખતા, કર્યા કર્યું સર્વ તે દિલ.

હરિઃૐ

## જીવન મથવું બનેલું છે

સ્મરણને જીવતું કરવા સતત કાયમ મથેલો છું,
થતું વળી કંઈક વેળા તો વળી પાછું જતું રહેતું.

શરીરના રોગને કારણ ગરજ લાગી હતી મુજને,
સ્મરણ લેવા હૃદય, તેથી વળી વળી યત્ન કીધા છે.

થતા રહેતા જ યત્નોમાં ખરો જશ ના મળેલો છે,
છતાં તોયે સ્મરણને મેં ચહી ચહીને લીધેલું છે.

હુકમથી એ સ્મરણને મેં હૃદયના જોશથી પકડી,
હૃદય ધારણ થવા, તેવું જીવન મથવું બનેલું છે.

હરિઃૐ

## સુરખીનો અનુભવ

હવામાં આકડાનું રૂ ઊડી જાતું જરા પવને,
સ્મરણ તેવી રીતે મારું ઊડી કેવું જતું લાગે !

સ્મરણમાં લાગી પડવાને જહેમત મેં કરેલી છે-
-ઘણા લાંબા સમય સુધી, છતાં ફાવ્યો ન તે વિશે.

છતાં મેં તો સ્મરણને શું કદી મૂકી ન દીધું છે,
સતત મથતો રહેલો છું, જરીક સુરખી મળેલી છે.

હૃદયમાં તેવી સુરખીનો અનુભવ જ્યાં થયેલો છે,
સ્મરણમાં તે પછી કેવું અમારું દિલ લાગ્યું છે.

હરિઃૐ

# નૂતન પ્રાણ

સ્મરણમાં લાગતાં **જીવ** ગળે શા **પ્રાણ** આવ્યા છે !
થઈ છે ગડમથલ ભારે, પડ્યું ઠેકાણું ત્યારે તે.

સ્મરણ લેવા વિશે કેવી ગરજ લાગેલ તે હૃદયે !
હૃદય ગરજે મથાવીને સ્મરણમાં **ભાવ** આણ્યો છે.

સ્મરણમાં ભાવ જ્યાં જાગ્યો, સ્મરણ ચેતનવંતું થઈને,
ટકોરાબંધ ચાલીને સ્મરણમાં કેફ જાગ્યો છે.

જીવનમાં શ્વાસની જેમ સ્મરણ પોતે બનેલું છે,
સ્મરણથી શા નૂતન **પ્રાણ** જીવનમાં જાગી ઊઠ્યા છે !

હરિઃૐ

# જીવન જોતો બનાવે છે

સ્મરણની ખુશબો લાગી બધે ભાવેથી પ્રસરાતી,
સ્મરણથી દિલચસ્પી શી સહજ દિલમાં જ લાગેલી !

સ્મરણથી યાદ જાગે છે, સ્મરણથી ભાવ ઊગે છે,
સ્મરણથી **પ્રાણ** પ્રગટે છે, સ્મરણ **જીવન** સ્ફુરાવે છે.

સ્મરણથી શક્તિ અદ્‌ભુત શી ! સ્મરણ તાટસ્થ્યને પ્રેરે,
સ્મરણથી દિલ ફોરે છે, સ્મરણ જીવન તરાવે છે.

સ્મરણનો જન્મદાતા જે સ્મરણથી દિલ જાગે છે,
હૃદય તે જાગીને કેવો જીવન જોતો બનાવે છે.

હરિઃૐ

# મનન ચિંતવન જીવનકેરું

સ્મરણથી જિંદગીમાંના જુદા જુદા સ્તરો વિશે,
થતી રહી હિલચાલો જે બધી નીરખ્યા કરેલી છે.

સ્મરણથી શી મનનશીલતા ! મનન ચિંતવન જીવનકેરું,
થતું કેવું રહે જીવતું ! જીવનનું પોલ પકડાતું.

જીવનની નિમ્ન વૃત્તિઓ રમ્યા અંતર કરે કેવું
સ્મરણ અભ્યાસથી એવું નજરમાં આવતું રહેતું.

સ્મરણ હણાવવા મથતું, સ્મરણ તરાવવા મથતું,
સ્મરણ રળાવવા મથતું સ્મરણ જિવાડવા મથતું.

હરિઃૐ

## જીવનદર્શન કરાવે છે

સ્મરણથી તો જીવનકેરું રહસ્ય આપ ખૂલે છે,
સ્મરણથી વૃત્તિ શી મોળી પડે, ત્યાં દિલ શું જાગે છે !

ઘૂંટાતાં તે જતાં અંદર, સ્મરણથી જાગતું અંતર,
કરાવે તે જીવનદર્શન કરાવે નિજ શું નિદર્શન !

સ્મરણને ના અભિપ્રેત કશુંયે સ્થૂળ જે તે છે,
સ્મરણથી તો જીવનમાં તે અભિનવ સૂક્ષ્મ ઊગે છે.

સ્મરણથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ હૃદયની ભાવના સ્પર્શે,
-જીવન રંગાય છે કેવું ! જીવન આનંદ ન્યારો તે.

હરિઃૐ

## સ્મરણ તો સ્પર્શ જાદુ છે

સ્મરણથી દિલ લાગે છે, સ્મરણ ફોરાવતું દિલને,
સ્મરણ કંપાવતું દિલ શું ! સ્મરણ તો સ્પર્શ જાદુ છે.

સ્મરણથી જે રટણ ચાલે ! રટણ શો હેતુ જગવે છે !
ફળવવા હેતુ જીવનનો સ્મરણ પહેલું જ પગલું છે.

હૃદયના શું જીવન પ્રિયને સ્મરણ ભૂલવા ન તે દે છે,
જીવનની ભાવના જીવતી સ્મરણ કેવી રખાવે છે !

ગગનમાંથી નીચે લાવી જીવનના ધ્યેય-હેતુ જે,
જીવનના નીચલા સ્તરમાં, સ્મરણ કેવું ઉગાડે છે !

હરિઃૐ

## ખુમારી શાં સ્મરણ પ્રેરે !

સ્મરણમાત્રા શરીરરોગ હઠવવા શક્તિ, યોગ્ય જ છે,
ભલે સર્વાંશ ના મટતું, છતાં હળવાશ પ્રેરે છે.

ખબરદારી, ટટારી ને ખુમારી જીવવાની તે,
સ્મરણ બક્ષિસ આપે છે, ખમીર તેવું જગાડીને.

સ્મરણની સાથ જીવનનો ખરો દિલ હેતુ પ્રીછીને,
ખરેખર જીવતો ધારી સ્મરણ ચલવ્યા કરેલું છે.

સ્મરણની ધૂન જ્યાં લાગી હૃદય એકાગ્રતા પામે,
હૃદયમાં ભાવ જાગી તે હૃદય કેંદ્રિત થયેલો છે.

હરિઃૐ.

## પલટાયું સ્મરણથી સૌ

સ્મરણમાં ભાવના સમજણ જીવનહેતુની રીતિએ,
મહા કેવા પ્રયત્નેથી અમે ધારણ કરેલી છે.

બહુ છલકાતી વૃત્તિએ થયેલા શા પરેશાન !
ચણેલું તે કરી નાખે બધું ખેદાન મેદાન.

બદલવા વૃત્તિના પટને કૃપાથી શી હતી હૃદયે-
-પૂરી તે જાગૃત્તિ, તેથી ભજનકીર્તન થયેલું છે.

અનેકે વાર એવો શો વૃત્તિનો ઊભરો પ્રગટ્યો,
ભનજકીર્તન, નિવેદનથી સમર્પેલું જ તે તે છે.

હરિ:ૐ

## થયું ચરિતાર્થ શું પદમાં !

સ્મરણનો આશરો લઈને પૂરેપૂરું ઝુકાવ્યું છે,
પૂરેપૂરું ઝુકાવીને હૃદયને પદ પરોવ્યું છે !

હૃદય જ્વાળામુખી જેવું તમન્નાથી જલે જ્યાં તે,
હૃદય એકાગ્રતા મેળે બધી શી આપ પાકે છે !

જીવનના ધ્યેયને ખેંચી જીવન પ્રત્યક્ષ કરી દે છે,
તમન્ના પાકી ઉત્કટ તે મથામણ શી કરાવીને.

સતત અભ્યાસથી પાકી તમન્નાને જ કેળવવા,
જીવનમાં શું મથાયું છે ! થયું ચરિતાર્થ શું પદમાં !

હરિઃૐ

## જુદાં જુદાં રૂપે તે છે

સ્મરણથી ભાવના કેવી જીવનમાં આપ પ્રગટી છે !
પછી તે ભાવનાસ્રોત પથે જીવતો થયેલો છે.

મઝા જીવતાતણી જે તે, હૃદય જીવતાની રંગત છે,
સદા જે જીવતું રહે છે, ફૂલીફાલી ફળ્યા કરશે.

જીવનફળ જીવતાકેરાં મળે છે ચાખવાનાં જે,
અનુભવ જીવતાનો તે જીવન કેવો મળેલો છે !

સ્મરણ જીવતું થયું તેથી જીવન ફળતું જ લાગ્યું છે,
અનુભવમાં સ્મરણ હૃદયે જુદાં જુદાં રૂપે તે છે.

હરિઃૐ

# સ્મરણમાં પ્રાણ જાગંતાં

સ્મરણ શરૂમાં અરે ! મુજથી હૃદયથી ના થયેલું છે,
મથ્યા કરતાં મહાયત્ને હૃદય અભ્યાસ પાડ્યો છે.

પરંતુ રોજના જેવો થયા કરતાં જ અભ્યાસ,
થતાં દિલ, તે થયા કરતાં હૃદય લાગ્યો ખરો પાસ.

સ્મરણમાં **પ્રાણ** જાગંતાં, સ્મરણમાં ભાવ ઊગે છે,
સ્મરણ તેવું જીવનમાંના બધા મળ સ્વચ્છ કરી દે છે.

સ્મરણ જ્યારે જીવનમાંની શી શક્તિ ચેતનાયુક્ત
થઈ, જીવન પ્રવર્તેલી કરે છે કર્મ શાં અદ્ભુત !

હરિઃૐ

# જીવાદોરી

સ્મરણની તે નિસરણીથી ઉપર ચઢવાનું ધારીને,
સ્મરણમાત્રા વધારીને ઉપર ડગલાં ભરેલાં છે.

સ્મરણથી કેટલી વાર શું કંટાળો જ આવ્યો છે,
સ્મરણને તોય શી રીતે ગ્રહી મુજથી રખાયું છે ?

સ્મરણ દિલથી થતાં કેવું મને મથવું પડેલું છે !
સ્મરણમાં એ રીતે **પ્રાણ** ધીમે ધીમે જ જાગ્યા છે.

સ્મરણ તો તે પછી મારી જીવાદોરી બનેલી છે,
સ્મરણથી ઊગરી કેવો કૃપાથી હું ગયેલો તે !

હરિઃૐ

# મઝા તેવા સ્મરણકેરી

સ્મરણ જીવન વિશે મારે શરીરના રોગથી પેઠું,
પછી તો કોણ જાણે તે કરી ઘર શું પ્રવેશેલું !

શરૂ શરૂમાં શું અણગમતું મને કેવું થયેલું તે !
ધીરે ધીરે પડી કોઠે, નવાજેલું ઉમળકે તે.

સ્મરણને કેટલી વાર, હું વારંવાર ભૂલ્યો છું,
વળી પાછું સ્મરણ કરવા હૃદય ઠપકાર્યું છે ઊંડું.

સ્મરણ જ્યાં દિલમાં ઊગતાં થયું જ્યાં આપમેળે તે,
મઝા તેવા સ્મરણકેરી સ્મરણનો ભક્ત જાણે છે.

હરિઃૐ

## નૂતન શક્તિ

સ્મરણ પકડેલું ના રહેતું, સ્મરણ ક્યાંયે જતું રહેતું,
પકડવા શો મથું તોયે સ્મરણ ના દિલમાં ઠરતું.

સ્મરણની શી ગરજ હ્દયે મને જાગેલ નિશ્ચય શું !
છતાંયે ના સ્મરણ ટકતું, ગરજથી પાછું શું વળતું ?

શું વારંવાર પડી પાછળ સ્મરણને મેં ટપેર્યું છે,
ગરજને કારણે કેવું ઠરેલું તે બનેલું છે !

નિરંતરતા સ્મરણની તે જીવનમાં વેશ બદલે છે,
નિરંતરનું થતાં પોતે નૂતન શક્તિ બને છે તે.

હરિઃૐ

## હૃદય ગમ તે થયેલું છે

સ્મરણની લત શી જીવનમાં મથામણ કેટલી ભારે !
કરાવ્યા શી કર્યા કેડે પછી પોતે પડેલી છે !

ઘડીક ભૂલું વળી પાછું હૃદયથી યાદ લાવીને,
સ્મરણ કરવા વળી વળીને, ફરી ફરી દિલ મઠાર્યું છે.

સ્મરણની પર હૃદયપ્રેમ કદીયે કોઈ રીતિએ,
ન કેમે તે કર્યો જાગે, છતાંયે શું મથાયું છે !

મથંતાં ને મથંતાંમાં સતત એ રીત દિલથી તે,
પકડીને રાખતાં, હાવાં હૃદય ગમ તે થયેલું છે.

હરિઃૐ

## મહાસંગ્રામ ખેલ્યા છે

સકળ કૈં જે થતું રહેતાં સ્મરણને દિલ પ્રગટતું તે,
કર્યાં કરતાં મને ત્યારે પડી મુશ્કેલી કેવી છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, પથે ખચકાટ કેવાયે,
શું વારંવાર પ્રગટીને સ્મરણને તો ભુલાવ્યું છે.

વળી પાછો થઈ બેઠો કમર કસીને ચઢી યુદ્ધે,
સ્મરણને નિજનું કરવા મહાસંગ્રામ ખેલ્યા છે.

કદીક શી હાર ખાધી છે, કદીક શા ઘા પડેલા છે !
કદીક શો માર ખાધો છે ! કદીક તો જીત લાધી છે.

હરિઃૐ

## સ્મરણ પાસાં

સ્મરણની સૌ હકીકતને બહુ શી દોહરાવી છે !
સ્મરણના સૌ તબક્કાનાં બધાં દર્શન કરાવ્યાં છે.

શરૂના તે સ્મરણ પાસાંતણી હકીકત જણાવી છે,
સ્મરણમાં રસ હૃદય સ્ફુરતાં સ્મરણ કેવું, કથેલું છે.

સ્મરણ એકાગ્રતાકેરો હૃદય રસ જે પડેલો છે,
જીવન ઘડતરતણી પળ તે તહીં અણમોલ પાકે છે.

સ્મરણમાંથી હૃદયભાવ નીગળતો આપ જન્મે છે,
પછીના તે જીવન જીવવાતણો આનંદ ન્યારો છે.

હરિઃૐ

# કૂદકે ભૂસકે

સ્મરણ કીર્તન, ભજન ભાવ, નિવેદન, પ્રાર્થના, નિશદિન,
હૃદય સન્મુખતા ગુરુની, કર્યા શાં તે બધાં સાધન !

અખંડ તે થવા કાજે જહેમત શી લીધેલી છે !
બહુ લાંબા સમયનાયે થયા યત્ને, ન લાધ્યું છે.

છતાં તોયે હૃદય બનતા થતા પુરુષાર્થ કીધા છે,
સ્મરણને વળગી જકડીને હૃદય તે ધારવા ચહ્યું છે.

હૃદય શા રોજના યત્ને જહીં કંઈ રસ પડેલો છે,
પછીથી કૂદકે ભૂસકે ચઢી કેવું જવાયું છે !

હરિઃૐ

## મહેરામણ ઉછાળ્યો છે

જીવનમાં કેટલી વાર ભૂલો ક્યાં ક્યાં પડેલો છું,
કહીંના વાયરા ખાધા, મહીં મશગૂલ થયેલો છું.

છતાં તેવી દશામાં શું સ્મરણ લીધા કરેલું છે !
સ્મરણને ઝોડની પેઠે બહુ વળગ્યા કરેલું છે.

અરેરે ! તોય શી રીતે સ્મરણ વચકી જતું લાગે,
વળી પાછું કરી મહેનત સ્મરણને દિલવાળું તે.

મથામણ કેટલી કેવી શી વારંવાર કરી કરીને,
સ્મરણને જીવતું કરવા મહેરામણ ઉછાળ્યો છે.

હરિઃૐ

## જૂનાં ચશ્માં જ બદલાવી

સ્મરણની ભાવની દુનિયા જગત દુનિયાથી જુદી છે,
જૂનાં ચશ્માં જ બદલાવી નવાં ચશ્માં શું અર્પે છે !

હકીકત એકની એક છતાં જે ભાવવાળો છે,
જુદી રીતે નિહાળે છે, બીજું સંસારી ત્યાં નીરખે.

જીવન જીવવા વિશે કેવી મઝા છે ભાવવાળાને !
અને સંસારીને જીવન શું કંટાળાભરેલું છે !

સ્મરણ કેવું જ નાનકડું, છતાં પરિણામ ભારે ને
જીવન પ્રગટાવી શું દે છે ! જીવંતું નિત્ય છે તેને.

હરિઃૐ

# ઘડનારી શક્તિ

સ્મરણ જીવનને ઉન્નતિમાં શી ઘડનારી જ શક્તિ છે,
સ્મરણની તેવી ભૂમિકા મથેલો છું બનવવાને.

સ્મરણ પહેલાં જ લીધા જે હૃદય કરતો હતો, તેને
-જીવંત **પ્રાણ** ચેતવવા, કર્યા કરી પ્રાર્થનાભાવે.

ભજનકીર્તન થકી ભાવ ભર્યા કરવા હૃદયમાં તે,
નિવેદનનો જ અભ્યાસ ચરણકમળે જ પાડીને.

હૃદય તેથી ઊગેલો જે હૃદયમાં ભાવ તેને મેં,
સ્મરણમાં તે પરોવાવી, ખરો ઉપયોગ લીધો છે.

હરિઃૐ

## સ્મરણના નિત્ય અભ્યાસે

સ્મરણને દિલમાં મેં તો હૃદયને જોડવા ચરણે,
જીવનના હેતુથી તેવા સતત લીધા કરેલું છે.

સ્મરણના નિત્ય અભ્યાસે જીવનમાં જેમ, સ્ફૂર્તિ ને
અદમ્ય પ્રેરણા એવો અનુભવ દિલ જાગ્યો છે.

અનુભવ દિલ તેવાથી સ્મરણમાં દિલ પ્રેરાતું,
સહજમેળે અનુભવ તે મને પ્રત્યક્ષ પાક્યો છે.

હવે તેથી સ્મરણ મુજને જીવનના સર્વ વ્યવહારે,
થયા કરતું પૂરેપૂરું અનુભવમાં પ્રકાશે છે.

હરિઃૐ

# સ્મરણના પ્રયોગો

જીવનની સર્વ પ્રવૃત્તિ વિશે કેવું સ્મરણ જીવતું-
-રહ્યા કરતું હૃદયમાં તે, અમે તે નાણી જોયું છે.

સ્મરણના તો જીવનમાં તે પ્રયોગો શા કરેલા છે !
પ્રયોગેથી અનુભવતાં, સ્મરણને દિલ પરોવ્યું છે.

કશુંયે દમ વિનાનું શું સ્મરણ પોતે શરૂમાં છે,
સ્મરણકેરો સમય વધતાં સ્મરણની લગની લાગી છે.

કર્યા કરવે સ્મરણ હૃદયે, સ્મરણમાં દિલ ચોંટ્યું છે,
સ્મરણમાં **પ્રાણ** જાગીને જીવનહેતુ જગાડ્યો છે.

હરિઃૐ

## સ્મરણ ઈતિહાસ

સ્મરણ કરતા રહેવાથી મથી મથીને, ફરી ફરીને,
સ્મરણ તોયે ભુલાયું છે, છતાં તોયે ન છોડ્યું છે.

શું વારંવાર ભૂલ્યો છું, ફરી દિલ યાદ પ્રગટાવી,
સ્મરણ જીવતું થવા, મંડ્યો રહ્યા કેવો કર્યો દિલથી !

ઘડીક પાછું પરોવાતું, સ્મરણમાં દિલ ખરેખર તે,
વળી પાછો ધબડકો શો ! સ્મરણ ઈતિહાસ એવો છે.

સ્મરણ જો તે ટક્યું છે તે ગરજ ભાનના લીધે,
પ્રભુની તે પ્રસાદીયે ગરજ તેવી લગાડી છે.

હરિઃૐ

## હૃદય ધગધગતો અગ્નિ તે !

સ્મરણથી તો જીવનમાં શો હૃદય ધગધગતો અગ્નિ તે !
પ્રગટીને મને કેવો ખરો ચેતાવી રાખે છે !

હૃદય ચેતવણીથી મુજને સ્મરણની યાદ જાગે છે,
અને તેથી સ્મરણ કરવા હૃદય ઉમેદ ઊગે છે.

'ભુલાવું ને વળી સ્મરવું' શી વારાફેરી એવીયે,
અનેક વાર પ્રગટીને કર્યો છે સાબદો હૃદયે.

સ્મરણ અનુભવથી તો મુજને જીવન હેતુ પ્રિછાયો છે,
જીવનમાં જાગૃતિ હેતુતણી કેવી ટપકતી છે !

હરિઃૐ

## સ્મરણમાં ભાવ જાગે છે

'સ્મરણને તો લીધા કરવું' હૃદય નિશ્ચય થયેલો છે,
છતાંયે શું ભુલાતાં ત્યાં મને દિલમાં જગાડે તે !

કંઈક લાભ થતા દેખ્યો સ્મરણથી મેં જીવનમાં તે,
હૃદય તેથી સ્મરણને મેં જબરજસ્તીથી ઝાલ્યું છે.

સ્મરણમાં ચોંટતું દિલ ના, છતાંયે તે સ્મર્યા કર્યું છે,
સ્મરણમાં એમ ચોંટીને રહેવાતાં, લઢણ લાગે.

સ્મરણમાં દિલ જ્યાં લાગે, સ્મરણ મીઠું પછી લાગે,
સ્મરણમાં સ્વાર્થ લાગ્યાથી, સ્મરણમાં **ભાવ** જાગે છે.

હરિઃૐ

# અસત્ સત્‌ની લડાઈમાં

સ્મરણ ના બોલી બોલીને કશુંયે તે બતાવે છે,
સ્મરણનો ભાવ તો સૂક્ષ્મ રીતે કેવું સુઝાડે છે !

સ્મરણથી હેતુ જાગીને શી જાગ્રતિ હેતુની જગવે !
હૃદય તે જાગ્રતિ કેવું જીવનમંથન કરાવે છે !

અસત્ સત્‌ની લડાઈમાં જીવનહેતુની જાગ્રતિ તે
-મથામણના જ ઘમસાણે કંઈક તરતા રખાવે છે.

જીવનની સર્વ પ્રવૃત્તિ વિશે હોઉં છો પરોવાયો,
છતાં શી જાગ્રતિ ત્યાંયે રખાવે  છે જ ચેતેલો !

હરિઃૐ

# પ્રાણ પ્રગટ્યા છે

સ્મરણને મેં જીવનમાં જ્યાં લીધાં કરવાનું રાખ્યું' તું,
જીવન હેતુતણી સમજણ ઊગી નહોતી હતું મીંડું,

સ્મરણનો જ્યાં સમય પૂરતો વધારે તે ટકેલો છે,
સ્મરણ અભ્યાસથી ત્યારે હૃદય સમજણ પડેલી છે.

અને એ સમજણે ઘડવા મને માંડ્યો ધીમે ધીમે,
ઘડાતાં એ રીતે જીવન, જીવનનો હેતુ જાગ્યો છે.

જીવનના હેતુની સમજણ વિશે શા **પ્રાણ** પ્રગટ્યા છે !
હૃદય **એણે** મને નિત્ય જગાડ્યા શો કરેલો છે !

હરિઃૐ

# જીવનહેતુની જાગ્રતિ

સ્મરણને ખાલી ખાલી શું લીધા મેં તો કરેલું છે !
શરૂ શરૂમાં સ્મરણમાં તે કશાયે દમ ન ભાળ્યા છે.

છતાં તોયે ગરજ લીધે સ્મરણ લીધા કરેલું છે,
સ્મરણનો મહાવરો પડતાં સ્મરણચસકો પડેલો છે.

સ્મરણની ટેવ અભ્યાસે જીવન પરવારતા શીખ્યો,
સદા તૈયાર રહેવાની શી કેળવણી મળેલી તો.

સ્મરણથી સર્વથી શ્રેષ્ઠ જીવનલાભ મળેલો છે,
જીવનહેતુની જાગ્રતિ તે જીવનને શી ફળાવે છે !

હરિઃૐ

## સ્મરણથી યજ્ઞ ફાલ્યો શો !

સ્મરણ કરવાથી હૈયામાં મળ્યો શો પ્રાર્થનાટેકો,
નિવેદન જે સમર્પણનો સ્મરણથી યજ્ઞ ફાલ્યો શો !

સ્મરણમાંથી જીવન કેવાં બીજાં સાધન મળેલાં છે !
હૃદય અભ્યાસ સાધનમાં જહીં લાગી પડેલું તે.

પડંતાં રસ, વડે રસ તે ઊંડું ઊંડું જ ઊતરાતું
-જવાયું છે જ અંતરમાં, મળ્યું ત્યાં શું જુદું જુદું !

મને ત્યાંયે સપાટામાં ઊભો કેવો રખાવ્યો છે !
ગયો છું વારી વારી શો ! કૃપા તારી પરે હું તે !

હરિઃૐ

# જાગ્રતિ જીવનની મિત્ર

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, જીવનમાં કંઈક વેળાએ,
-નીચે કેવો પડેલો તે ખરેખર હું જ જાણું જે.

હૃદય તે વેળ હેતુની શી જાગેલી જ જાગ્રતિએ,
-જગાડીને મને ત્યારે સખત લડવા જ પ્રેર્યો છે.

જીવનસંગ્રામના ખેલ અનેક વાર જીવનમાં
-પ્રગટી, નાખી જ દે કેવી જીવનની ભુલભુલવણીમાં !

છતાં ત્યાં જાગ્રતિ કેવી જીવનની મિત્ર થઈ પોતે,
દઈને હાથ પોતાનો મદદગાર બને છે તે.

હરિઃૐ

## બક્ષિસ

મહાસંકટની વેળાએ મદદ કરનાર જાગ્રતિ છે,
સ્મરણથી કેટલી મોટી મને બક્ષિસ મળેલી તે.

પથે ગૂંચવાઈ જતાં કેવું બને ગૂંગળાઈ જવું ત્યારે,
સૂઝ્યું છે પ્રાર્થના કરવી સ્મરણની તે પ્રસાદી છે.

પથે અટવાઈ મરતાં જ્યાં વળી બેફામ જ્યાં બનતાં,
થયું સંબોધવાનું પદ, કૃપાની તે નિશાની છે.

જીવન અટવિ વિશે જ્યારે ફસાતાં, ભાન ભુલાયે,
ન સૂધબૂધ ત્યાં કશી રહે છે, કૃપા ઓચિંતી ફૂટે છે.

હરિઃૐ

## હૃદય સમજણ

જીવનમાં કોઈ ને કોઈ રીતે મેં તો સ્મરણને તે,
ખરેખર રાખવા પકડી હૃદય અભ્યાસ પાડ્યો છે.

પડેલા દિલ અભ્યાસે જીવનની નેમ જાગીને,
હૃદય તે નેમથી કેવો જીવનનિશ્ચય ઊગેલો છે !

હૃદય તે નિશ્ચયે કેવો પુરુષાર્થ કરાવ્યો છે !
ભગીરથ શા પ્રયત્નેથી મને પંથે ચલાવ્યો છે !

સ્મરણને વળગી રહેવાથી સ્મરણ શો અર્થ લઈએ તે !
જીવનમાં ઊતરી ઊંડું હૃદય સમજણ ઊગેલી છે.

હરિઃૐ

## સ્મરણ એ વેવલાવેડા ?

સ્મરણને વેવલાવેડા જગતજન કંઈક કહેતા છે,
પરંતુ કોણ એવા જે પ્રયોગે સાવ ડૂલ્યા છે ?

પડે છે ઝંપલાવી જે ફના પૂરેપૂરા થઈને,
કરી યાહોમ સંપૂર્ણ, વિષયનું હાર્દ પામે તે.

કૃપા હરિની થતાં મુજ પર સ્મરણના તે પ્રયોગે તો,
ઝનૂનથી ઝંપલાવીને પડેલો હું કૂદી કેવો !

મને ના ભાન મારું ત્યાં કશું રહેતું હતું ત્યારે,
સ્મરણની ધૂનમાં મસ્ત હૃદયમાં તાન લાગ્યું છે.

હરિઃૐ

# પ્રભુની મહેરબાની

સ્મરણની ધૂનથી તાન હૃદયમાં જાગતી ત્યારે,
હૃદય આવેશ, આવેગ, ખરા ઉત્કટ શા જાગે છે !

હૃદય તે વેળ ઉપયોગ કરી લેવાનું સૂઝ્યું છે,
જીવનક્ષેત્રો ઊંડું તેથી ખરેખર ઊતરાયું છે.

અહા ! તે જાગ્રતિ કેવી પ્રચંડ ભવ્ય ઉત્કટ જે !
તટસ્થ શા બધાંથીયે તમોને દિલ રખાવે છે !

કૃપા શી ઉત્તમોત્તમ તે ઊગેલી જાગ્રતિ જીવને !
હૃદય અહોભાગ્ય માનું કે પ્રભુની મહેરબાની છે.

હરિઃૐ

# અલૌકિક બળ

અમારે જીવવાનું છે હરિસ્મરણે રહ્યા કરીને,
સ્મરણકૌવત નિહાળાતાં, હૃદય અનુભવ મળેલો છે.

સ્મરણ ખાલી જ ના ખ્યાલ, કર્યા કરતાં નિરંતર જે,
સ્મરણની શક્તિ ને ભાવ ધબકતાં શાં મળે છે તે !

સ્મરણથી જીવને કેવું અનુપમ ભવ્ય જીવનમાં,
ખરેખર સાંપડેલું છે અલૌકિક બળ પરમ પદમાં.

જીવન જીવવા, જીવન જીવવા, અદમ્ય પ્રેરણા હૃદયે,
પ્રસંગે તે પ્રસંગે શી મને પ્રેર્યા કરેલી છે !

હરિઃૐ

## સ્મરણે સુઝાડ્યાં

સ્મરણમાં ભીનું સંપૂર્ણ થવા મનને મથાયું છે,
'પડ્યું છે ફેણ ત્યાં કેવું !' મથેલો માત્ર જાણે તે.

શું વારંવાર ભૂલ્યો છું, છતાં પાછળ પડી પડીને,
સ્મરણને જીવતું કરવા, સતત યત્ને મથેલો જે.

સ્મરણથી તો હૃદય મુજને પ્રભુ ભજવાની દાનત તે,
કૃપાની મહેરબાનીથી ખરી શી દિલ પ્રગટી છે !

અભય ને નમ્રતા, મૌન વળી એકાંત સાધનને,
હૃદય સ્મરણે સુઝાડ્યાં છે, સ્મરણથી તે પળાયાં છે.

હરિઃૐ

## શું સર્જે ફેરફારો તે !

સ્મરણથી જિંદગાનીનું જણાયું તારતમ્ય જ તે,
'જીવનનું પોત કેવું છે' સ્મરણથી ઓળખાયું છે.

સ્મરણનો એકનો એક સતત ઉચ્ચાર રણકે જે,
ખચીત ઉચ્ચાર આંદોલન શું સર્જે ફેરફારો તે !

શી શબ્દની નિરંતરતા પ્રગટતાં ! તત્ત્વ આકાશ,
તરીને મોખરે વર્તી થતું પ્રતિષ્ઠિત આધાર.

થતું જ્યાં તત્ત્વ આકાશ જીવનમાં મોખરે ત્યારે,
રજસ ને ત્યાં તમસ ગૌણ બની શાં જાય આધારે !

હરિઃૐ

# સ્મરણની ધૂનથી

સ્મરણની ધૂનથી કેવી હૃદય એકાગ્રતા જામે !
હૃદય એકાગ્રતા તે બી શી વાવે ભૂમિકામાં તે !

હૃદય એકાગ્રતા તેવી સમય જ્યમ જેમ વધતી છે,
અનેરો ભાવ ઊગી શાં કરે તરબોળ મનાદિને !

મનાદિ એ રીતે જેમ પલળતાં જે રહે ભાવે,
મનાદિ કેંદ્રમાં કેવાં જતાં રંગાઈ તે મેળે !

રહેવાતાં પરોવાઈ મનાદિ પૂર્ણ જ્યાં ભાવે,
મનાદિમાંહી ગુણધર્મ ઊગે ત્યાં ભાવના શાં તે !

હરિઃૐ

# આવ્યો છે ગરુડ ચઢીને

સ્મરણમાં દિલ લગાડીને સ્મરણ કરવા મથેલો છું,
સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લગની થયેલી શું !

શરૂમાં તો સ્મરણ ગરજે હૃદય મેં તો લીધેલું છે,
સ્મરણનો તે પછી નેડો હૃદય લાગેલ કેવો તે !

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણથી આડફંટુંયે-
-જવાયું કેટલી વાર, પ્રભુ ત્યાં યાદ આવ્યો છે.

હૃદયમાં પ્રાર્થના કરતાં, લળી લળીને પ્રભુ તુજને,
મદદ કરવા જ પોકાર્યો, તું આવ્યો છે ગરુડ ચઢીને.

હરિઃૐ

## અનુભવસિદ્ધ વાતો

પ્રભુ, તુજ નામની રમ્ય સ્મરણગાથા બનેલી જે,
જીવન તેથી સભર કેવાં અનેકોનાં બનેલાં છે !

બધા ઈતિહાસનાં પાને અહા ! પંકાયેલા શા તે !
સ્મરણના શા પ્રભાવેથી થયેલા ભક્ત જ્ઞાની તે.

નહિ આ કલ્પના હકીકત, અનુભવસિદ્ધ વાતો છે,
સ્મરણના શા પ્રયોગોથી અનુભવ મેં કરેલો છે.

પરંતુ કોણ જીવનમાં સ્મરણ કરવા ચહે છેયે,
બિચારું, બાપડું ના તે, પરાક્રમી ભવ્ય ભડવીર છે.

હરિઃૐ

## ભક્તિતણી છોળો

‘વીંછીના આંકડા જેવો જીવન છણકોય કેવોયે’-
સ્મરણના તાનના ભાવે હૃદયમાં તે ઊગેલું છે.

હૃદય તે ભાનનો તીવ્ર હૃદયમાં ડંખ લાગીને,
સતત તેણે જ મંડાવ્યા કરેલા, મુક્ત બનવાને.

પ્રભુનાં પદકમળમાં જ્યાં મનાદિકરણ ભક્તિમાં-
-ખરેખર લાગતાં, કેવા થયા છે ફેરફારો ત્યાં !

જીવનમાં પદકમળ ભક્તિતણી છોળો પરે છોળો-
-જીવનને સ્પર્શતાં, મૂળગું બધુંયે ફેરવાયે શું !

હરિઃૐ

## તારવ્યો પંથે

તને દિલ યાદ કરવાનું થયા કરતું હૃદય રહે છે,
હૃદય એ યાદથી મૂર્તિ ખડી કેવી થતી રહે છે !

પ્રભુ એ મૂર્તિ મુજ દિલને હલાવી કેવું મૂકે છે !
હલાવીને મને અંતર નવું કેવું સુઝાડે છે !

કદીક તુજ યાદમાં કેવી ઘડી અણમોલ જીવનમાં-
-જઈ પ્રગટી, નવો કેવો જીવનઅવતાર પામે છે !

સ્મરણની યાદ શી તારી મને અણમોલ ખપની છે,
કર્યો છે તારવ્યા પંથે, પ્રયોગેથી જણાવ્યું તે.

હરિઃૐ

## મને ઘેલો બનાવ્યો છે

સ્મરણ તારું થવા હૃદયે લગન મુજને લગાડી છે,
લગાડીને લગન તારી મને ઘેલો બનાવ્યો છે.

હૃદયમાં ઘેલછા તારી મને કેવી જ લાગી છે,
પ્રભુ તેથી જ મારાથી ચરણમાં રહી શકાયું છે.

સ્મરણનું દિલ જ્ઞાનામૃત વિના ચાખ્યા ન કોઈને-
-સ્મરણના હાર્દનું મૂળ કદીયે હાથ લાગે છે.

સ્મરણના માત્ર સાધનથી તને ચાહવાનું દિલ મુજને-
-કરાવેલું જ તારાથી, પ્રવેશેલું જીવનમાં છે.

હરિઃૐ

# જીવનનો સ્વાંગ

પ્રભુ તુજ નામનો મહિમા સ્મરણથી દિલ ફાલ્યો છે,
સ્મરણથી તો ચરણકમળે જીવન ન્યોછાવરી થઈ છે.

થતાં ન્યોછાવરી ભાવે શું ફૂટી તેથી નીકળે છે ?
વિના અનુભવ ન કોઈને પડે ગમ એની કશીયે તે.

ફનાગીરી ઉમળકાયે નદીના પૂરના વેગે,
થતી રહેતાં, જીવનમાં શી નવીન સરવાણી ફૂટે છે !

કરી પ્લાવિત જીવનને લીલુંછમ પૂર્ણ બનવે છે,
જીવનનો સ્વાંગ નવલો શો અનુપમની કળામાંયે !

હરિઃૐ

## સ્મરણનાવ

ઢળ્યાથી તો ચરણ તારે પ્રભુ તુજ ભક્તિનું મુજને,
સ્મરણથી ભાન જાગીને સ્મરણમાં **પ્રાણ** આણ્યા છે.

સ્મરણ જીવતું થયા કેડે થયા કેવું કરેલું તે-
-જીવનનો સર્વ ઈતિહાસ ખરે એનો અનોખો છે.

પ્રભુ મારા જીવનનો તો ખરો પાયો સ્મરણમાં છે,
સ્મરણથી ચાલતા શીખ્યો, શી ચાલણગાડી મારી તે !

સ્મરણથી તો બચાયું છે, સ્મરણથી શું જિવાયું છે !
જીવન તરવા સ્મરણનાવ મને કેવી મળેલી છે !

હરિઃૐ

# નીરખવે પાર ના’વે છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, જીવતી શ્રદ્ધા થયેલી છે,
થતાં સક્રિય શ્રદ્ધાએ વળાંકો શા વળાવ્યા છે !

જીવનમાં શા ચમત્કાર ‘જીવનના ફેરફારો તે,’
અખંડ ભાવપલટાથી જીવનપલટા થયેલા છે.


‘થવાની ચઢઊતર જીવને’શી કુદરતની રમત તે છે !
‘શી વારાફેરી જીવનની’ નવાઈ ના કશી ત્યાં છે.

ઠરીને ઠામ રહેવાનો નિરાંતે યોગ આવ્યો છે,
ભભક ને શી ઝલક સુંદર, નીરખવે પાર ના’વે છે.

હરિઃૐ

## ખંડ - ૨ જો

# જીવન મથવું થયેલું છે.



જીવન મથવું થયેલું છે, છતાં કૈં ના ફવાયું છે,
ફળંતાં કૈંક તોયે ત્યાં ભલીવાર ન જીવતો છે.

હરિઃૐ

# સ્મરણથી શી મુલાયમતા !

જીવનમાં કેટલી વાર પૂરો ખોવાઈ ગયેલો છું,
છતાં શી તે ભમરચકરી થકી ઊગરી ગયેલો છું.

પૂરેપૂરો ફસાયેલો જીવનના કંઈક ફંદામાં,
છતાં ત્યાંયેથી શી રીતે ઊગરવાનું સૂઝેલું ત્યાં ?

કદીક તો હાથપગ બેઉ પૂરા બંધાયેલા સજ્જડ,
છતાં કેવી કૃપાથી તે કદી ના રહી શક્યો અક્કડ.

મુલાયમ માટીના લોંદા સમું જીવન બન્યું જ્યાં તે,
તહીં ઘડવા જ માંડ્યો શો નવા જીવન વિશે મુજને.

હરિઃૐ

## વિટંબણા ભાગી કેવી છે !

કસોટીઓ, વિટંબણાઓ જીવન કેવી પડેલી છે !
નિવારણ તે બધું કરતાં મને દમ નાકે આવ્યો છે.

ભગીરથ હામ ભીડી છે, ભગીરથ યત્ન કીધા છે,
ભગીરથ ધૈર્ય ધાર્યું છે; ભગીરથ નામ લીધું છે.

હૃદયથી પ્રાર્થનાઓ મેં શી નિશદિન તે કરેલી છે !
શું વારંવાર દિલથી મેં તને પોકાર પાડ્યો છે !

હૃદયના આર્ત ને આર્દ્ર અવાજે કામ કીધું છે,
સરળતાથી કસોટી સૌ વિટંબણા ભાગી કેવી છે !

હરિઃૐ

## જિજ્ઞાસા રહે બેસી શી રીતે ?

લીધેલું જે હૃદય સાધન મૂકી દેવાયું તે ના છે,
સતત અભ્યાસમાં લાગી પડાયેલ મગ્ન કેવું તે !

કદીક આળસ, કદીક જડતા, કદીક જ્યાં મંદતા લાગી,
હૃદયના બેવડા જોશે ફરી કેવો મથ્યો ચાહી !

છતાંયે જોઈતો યોગ્ય હૃદયઉલ્લાસ ના દેખ્યો,
પૃથક્કરણ કરી ઊંડું નીરખવાને મથ્યો છું શો !

જીવનના ધ્યેયમાં જ્વાલા સમી ધગધગતી જિજ્ઞાસા,
શકે તે બેસી શી રીતે ઉભય પગ, હાથ જોડી ત્યાં ?

હરિઃૐ

# ચરણ આકર્ષી લીધો છે

પ્રભુ મેં અણસમજથી શી અવળચંડાઈ કીધી છે !
છતાં મુજ પાંસરો **हरि** શો ! મને સંભાળી લીધો છે.

મને ઠપકારીને કેવો સ્મરણ લેતો કરાવ્યો છે,
હૃદયથી પ્રાર્થનાકેરી મને લત શી લગાડી છે !

કંઈક અક્કલ **हरि** મુજને હૃદય પ્રગટાવી દીધી છે,
જીવનનો હેતુ સમજાવી ચરણ આકર્ષી લીધો છે.

વળી પાણે મૂરખ કેવો શું આળોટ્યો હું સંસાર !
નયન ખોલાવી પથ મુજને વળાંકે શો વળાવ્યો છે !

હરિઃૐ

# પ્રાર્થના માત્ર ઉપાય

પથે અધવચ પ્રભુ, શાને મને લટકાવી રાખ્યો છે ?
કશેયે આમ કે તેમ ન મારાથી ચસાતું છે.

પ્રયત્નો આવડે તેવા કરી તે સર્વ જોયા છે,
ન મારી કારી ફાવી છે, મથી અટવાયેલો પંથે.

જીવનમાં કેટલી વાર પ્રયત્નો વાંઝિયા નીવડે,
પ્રભુની પર નજર માંડી જ મારે જીવવાનું છે !

બીજા યત્નો ન જ્યાં ફાવે હૃદયની પ્રાર્થનાકેરો,
રહેલો માત્ર ઉપાય હૃદય અજમાવતાં, જય છે.

હરિઃૐ

# ચરણ તારે, ધરાવી જીવવાનું છે

જીવનવિકાસને કાજે હૃદય જાણેલ સાધન જે,
મથી મથીને સતત મેં શાં જરૂર અજમાવી જોયાં છે !

હૃદયમાં આત્મવિશ્વાસ મને જીવંત ઊગ્યો છે,
હવે મેં એકલે હાથે લડી લેવા ચહેલું છે.

પ્રભુને સાથ હૈયામાં સતત જોડાયેલા રાખી,
પ્રભુ મદદે, જીવન હોંશે લડી, જીવવું અમૃત ચાખી.

પ્રભુને દિલ થતું જે તે, નિવેદન સર્વ કરી કરીને,
રજેરજનું ચરણ તારે, ધરાવી, જીવવાનું છે.

હરિઃૐ

# હૃદયનિષ્ઠા

કૃપાથી માર્ગ લાધ્યો જે વફાદારી પરત્વે તે-
-પૂરેપૂરી બજાવીને હૃદય નિષ્ઠા શી કેળવી છે !

જીવનમાં માર્ગની નિષ્ઠા ખરેખરી પૂર્ણ બેઠી છે,
જીવનના માર્ગમાં ત્યારે ઊંડો રસ શો પડેલો છે !

જીવનના માર્ગમાં કેવી રીતે વિકાસ કરવાને-
-પ્રયત્નો શા કર્યા કરવા, ન તેની કંઈ ગતાગમ છે.

પ્રભુને રાહબર હૃદયે હૃદય નિશ્ચયથી પ્રીછીને
હૃદયથી પ્રાર્થના નિશદિન કરંતાં, **તે** બતાવે છે.

હરિઃૐ

# દિવ્ય શક્તિનો ખપ

અનુભવવા હરિરસને મનાદિ ઇંદ્રિયોકેરી
ભૂમિકાને મઠારીને પ્રભુ શી યોગ્ય છે કીધી !

છતાંયે કોણ જાણે શી રીતે તે પાત્રતામાંયે,
કશીક ઊણપ રહેવાથી જરીક ખચકો નડેલો તે.

જીવનની ઊર્ધ્વતમ કક્ષા વિશે નહિવત્ ઊણપ છે તે,
થવાને યોગ્ય સંપૂર્ણ જીવન તો કંઈક માગી લે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ દૈવાસુર થતા, તે સૂક્ષ્મ સંગ્રામે,
પ્રભુની દિવ્ય શક્તિનો બરાબર ખપ પડે શો તે !

હરિઃૐ

# ચરણ સાહી રહેલો છું

પૂરો સંસારમાં કેવો સબડતો ને રવડતો હું,
અગમ્ય ગૂઢ રીતે શી સમજ પ્રેરાવી, જગવ્યો શું !

હતો નાદાન કેવો હું જગાયું તોય, શો પાછો-
-નરકથી સાવ લબદાયો, કૃપાથી શો વળી ચેત્યો !

પકડ શી પ્રકૃતિની છે, મને જકડી રખાવે છે,
હવે તે ભાન જાગે, તે નિશાની જાગવાની છે.

અનેકે વાર જાગીને પથે પાછો પડેલો છું,
છતાં પાછો જ ચેતીને ચરણ સાહી રહેલો છું.

હરિઃૐ

## સતત મંડ્યા રહેલો

ભૂલો સંસાર અટવિમાં પડેલો ક્યારનોયે હું,
નીકળવા તે થકી બહાર સમજ નહોતી ઊગી કરું શું ?

પૂરી લાચારીમાં એવી જીવન મેં કેટલાંયે તે,
વિતાવી નાખીયાં કેવાં ! સમજ એનીય નહોતીયે.

જીવનપથમાં બહુ કાંટા મને પગ ખૂબ ભોંકાયા,
કંઈક વિચારતા તેથી થવાયું એની મેળે ત્યાં.

વિચારે ચેતવી હૃદયે મને સાધન બતાવ્યું છે,
પછી તો સાધને કેવો સતત મંડ્યા રહેલો તે !

હરિઃૐ

## મહદ ઉપકાર

કુટેવો શી જીવન મારે, પડી ગઈ'તી જીવનમાંહે,
ઊગરવા ભાન પ્રેરાવ્યું, મહદ ઉપકાર તારો તે.

સતત કેવું મથાવીને ! મથાવીને, ચલાવીને,
જીવનપંથ બતાવીને, મને રાહે લીધેલો છે.

છતાં લાલચ પથે આવી ફસાવાને છૂપી રીતે,
મને લલચાવી માર્યો તે, પડાયું તોય, જગવ્યો છે.

શું વારંવાર એ રીતે જીવનની ભુલભુલવણીમાં
-પડ્યો ભૂલો, છતાં પાછો હું ચેતી શો, ઠર્યો પથમાં !

હરિઃૐ

# પ્રભુની કૃપા

જીવનમાં તેં સ્વજન કેવાં મદદ અર્થે દઈ મુજને,
સરળતા શી કરી આપી ! મહદ ઉપકાર કીધો છે.

શક્યો કરી ના સ્વજનનું હું, છતાં તે તે સ્વજન મુજને,
ખરાં ખપનાં જીવનમાં શાં મને ઉપયોગ લાગ્યાં છે !

પ્રભુની શી કૃપા મુજ પર અનહદ વર્ષ્યા કરેલી છે,
પતિત મુજને નવાજીને ચરણ સ્વીકારી લીધો છે.

ચરણ તેની હવાં મેં તો સતત દિલ ભાવથી ચહીને,
લઈ તુજ આશરો પાકો હવાં ગુજારું જીવનને.

હરિઃૐ

## અભીપ્સા અને મથામણ

જીવન મથવું થયેલું છે, છતાં કૈં ના ફવાયું છે,
ફળંતાં કૈંક તોયે ત્યાં ભલીવાર ન જીવતો છે.

નિરાશાએ મને ઘેરી, કર્યું પછાડવા કેવું,
છતાં ત્યાંયે કૃપાથી તુજ પથેથી ના ડગાયું શું !

જવાયે ડગમગી સહેજે પથેથી ના હૃદય તેવી-
-ખરી તે જાગૃતિ પાકી રહેલી છે કૃપાથી શી !

અભીપ્સા અગ્નિના જેવી હૃદય જલતી પૂરી તેની-
-બલિહારી બધીએ છે, કૃપા બીજી મથામણની.

હરિઃૐ

## કૃપા

દીધો ખાડા વિશે પડવા મને તેં જાણી જોઈને,
ઈશારોયે ન કીધો છે, 'કંઈક કે આડુંઅવળું છે.'

કૃપા તારીથી શું મુજને પડ્યાનું ભાન જાગ્યું છે,
પછી તો દિલ ધરી હિંમત મથ્યો છું આવવા ઉપરે.

શું વાપરવા છતાં બળને કૃપાનું ના હતું, તોયે
-કર્યા કીધી મહેનત, ને તને દિલ સાદ પાડ્યો છે.

અનેકે વાર એવી શી થઈ છે ગડમથલ ભારે,
પથે અંતે મથામણના કૃપાથી અંત આવ્યો છે.

હરિઃૐ

# સહારો દિલ મળેલો છે

હતું સૂઝતું ન જ્યાં મુજને, બહુએ યત્ન કીધા છે,
મને રસ્તો ન સૂઝ્યો છે, ન મૂક્યું શોધવું તોયે.

હતી પથની, ગતાગમ ના, 'કઈ પેરે જવાનું તે,'
છતાં મથતાં, બહુ મથતાં, મથામણથી મતિ મળી છે.

મને તેં બુદ્ધિ આપી કે પ્રભુ જેથી વિચારીને,
થતા યત્નો કરી કરીને મથ્યો પૂગવા નિવેડાને.

થતા પુરુષાર્થમાં તારી કૃપા જ્યારે ભળેલી છે,
હૃદય પ્રાર્થનાથી શો સહારો દિલ મળેલો છે !

હરિઃૐ

## પ્રભુની શક્તિની નજદીક

લગન, અભ્યાસ ને ખોજ, વળી શાં તપ જીવનમાંહે-
-બહુ બહુ રીતથી કીધાં, ઊંડે ઊતરી, મથી મથીને.

છતાં સહેલાઈથી કેમે નિવેડો તે ન આવ્યો છે,
સતત મથતાં રહેવાતાં મતિ ઊતરી ઊંડે શી તે !

રીતે શી એકની એક મથામણ જે થયા કરી છે,
શી બુદ્ધિ કેળવાઈ છે ! તપશ્ચર્યાથી તેવી તે.

પ્રભુની શક્તિની નજદીક જીવનમાં હોય જો કંઈયે-
-ખરેખર બુદ્ધિ એક જ છે, શી અણમોલી જ બક્ષિસ તે.

હરિઃૐ

# હૃદય શી ચોટ લાગી છે !

થવા સગપણ હૃદય તારું તને ચાહ્યા કરી કરીને,
હૃદયમાં ને હૃદયથી શો મથ્યા કેવું કરેલું છે !

પ્રભુ તોયે મને કેવો અજંપો દિલ જાગીને,
હૃદય તુજ કાઢવા ભાળ હૃદય શી ચોટ લાગી છે !

હૃદય તે ચોટના લક્ષે હૃદય તુજ ધ્યાન લાગ્યું છે,
મનન ચિંતવન પ્રભુ તેથી હૃદય જીવતું રહેલું છે.

હૃદય તુજ લક્ષ રહેવાથી સતત તે એકધારુંયે,
ખરું તુજ સાથ તે સગપણ થયા કરતું જીવંતું તે.

હરિઃૐ

# હવે તો ભાળ લાગી છે

હરિ અસ્તિત્વ તુજ વિશે હતું કશું ભાન ના મુજને,
સ્મરણ તારું કરાવી શો મને તુજમાં પરોવ્યો છે !

સ્મરણથી તુજ ચરણકમળે હૃદય મન એકીસંગાથે,
તને દિલ ખોળવા કેવું મને **एणे** મથાવ્યો છે.

હૃદય મારે ખરી ઉત્કટ પ્રભુ તુજ ખેંચ લાગી છે,
હૃદય તુજ ખેંચના જોશે હૃદય મન જોતરાયાં છે.

હવે તો ભાળ તુજ, મુજને હૃદયમાં કંઈક લાગી છે,
અને તે ભાળના વહેણે વહેતો શું થયેલો જે !

હરિઃૐ

# કંઈક સમજણ પડેલી છે

'મને જીવનનું શું લક્ષ્ય' ખબર નહોતી કશીયે તે,
સ્મરણનો આશરો મળતાં કંઈક સમજણ પડેલી છે.

જીવનની કંઈક તેવીયે થતાં સમજણ જીવન વિશે,
જીવનને પ્રીછવા કેવું મથાયા તો કરાયું છે.

શી ઉત્કટ તે મથામણથી હૃદય ઘમસાણ કેવાંયે,
ભયંકરમાં ભયંકર શાં જીવનમાં ઊપજેલાં છે !

મથાયું જીતવા, ઉપર તરીને આવવા કાજે-
-મદદ તારી મને અધવચ મળ્યા કેવી કરેલી છે !

હરિઃૐ

## ફકીરીની જીવનતાસીર

ફકીરીની જીવનતાસીર અહા ! અલમસ્ત કેવી છે !
ફનાગીરીનો, શહાદતનો, ફકીરી માર્ગ નોખો છે.

સમર્પણ ને બલિદાનોતણી શી હારમાળાઓ,
–ફકીરી પંથના યજ્ઞો અપાયા શી કરાઈ છે !


ફકીરી જીવને ત્યાગ પદેપદ શા થતા રહે છે !
ઉમળકો, હર્ષ, ઉલ્લાસતણી ઝડીઓ વરસતી છે.

ફનાગીરી જ સંપૂર્ણ, જઈ જઈ વારી વારીને,
જીવનમાં ઊગતાં કેવી ફકીરી દિલ લાગી છે !

હરિઃૐ

# ખંડ - ૩ જો

# પડી રહેવા ચરણ તારે



પડી રહેવા ચરણ તારે હૃદયના હર્ષ ઉમળકે,
જીવનને શોખ લાગ્યો છે ચરણરસ તો પીવા નિત્યે.

હરિઃૐ

# પ્રકૃતિનીય રમત સૂક્ષ્મ

પડી રહેવા ચરણ તારે હૃદયના હર્ષ ઉમળકે,
જીવનને શોખ લાગ્યો છે ચરણરસ તો પીવા નિત્યે.

ચરણરસ તે જીવનરસ છે, જીવન પ્રત્યેક કક્ષાના
-રસો જુદા જુદા કેવા ! પરસ્પરને ન તે મળતા.

જીવન જ્યમ સૂક્ષ્મતમ ઊર્ધ્વ થતું રહે તેમ તે જીવને,
પ્રકૃતિનીય રમત સૂક્ષ્મ જીવન કેવી પ્રવર્તે છે !

તહીં વિવેક પારખવો અતિશય દોહ્યલો તે છે,
વિરલ કોઈ વીરલો જ્ઞાની હરિનો ભક્ત પારખશે.

હરિઃૐ

## ગુણોનો સમન્વય

અમારે તો હરિચરણે બધાં તીર્થો સમાયાં છે,
પ્રતિષ્ઠા તેથી હૈયામાં ચરણની શી કરેલી છે !

ચરણમાં શો હરિ વહાલો અમારે તે સમાયો છે,
ચરણને તેથી હૈયાથી જરા અળગા ન કરીએ તે.

ચરણને દિલ ચાંપીને ખરી દિલચસ્પી લાધી છે,
ચરણ પધરાવીને દિલમાં અમે જીવન ઊજાળ્યું છે.

પરસ્પર જે વિરોધાત્મક ગુણોનો જ્યાં સમન્વય છે,
અનુભવી ત્યાં ચરણ હરિમાં ખરો અનુભવ જીવનનો તે.

હરિઃૐ

# જીવન આધારનું પાત્ર

અમારે જીવવા આશા હરિના એકલા પર છે,
હરિ વિના બીજો બેલી અમારો ના જીવનમાં છે.

બધા શા હક્કદાવા તે હરિની પર બધા ચાલે,
ઝીણી ઝીણી નકામીયે અમે શી માગણી કરીએ !

ભલે નાદાન હોઈએ, વળી મૂર્ખા જ પૂરા છો,
છતાંયે તે ચરણકમળે પડેલાં શાં હરિનાં તો !

ધણીધોરી અમારો તો જીવનમાં એકલો માત્ર,
હરિ શો લાડલો અમ છે ! જીવન આધારનું પાત્ર.

હરિઃૐ

## મળી છે નાવ મજબૂત

કૃપાની મહેરબાનીથી ચરણમાં બેસવાકેરી-
-મને બુદ્ધિ સૂઝી તેવી, મહદ સદ્‌ભાગ્ય મારું તે.

પ્રભુ તારે ચરણ મનને પૂરું તે મુગ્ધ બનવાને-
-ચરણભાવે પખાળીને ચરણમાં પ્રેમ ઢોળ્યો છે.

ચરણ એ તો હવાં મારે જીવન તરવાની હોડી છે,
નિરાંતે બેસીને તેમાં હવે તરવા જ માંડ્યું છે.

ભલે તોફાની હો દરિયો, હવે ચિંતા ન તેની છે,
મળી છે નાવ મજબૂત ને હલેસાં હાંકનારો છે.

હરિઃૐ

## ચરણનેડો

સ્મરણ દિલમાં પરોવીને ચરણમાં મન લગાડ્યું છે,
ચરણને નીરખી નીરખીને ચરણનેડો થયેલો છે.

સ્મરણને કારણે મુજને હરિમાં ચિત્ત લાગ્યું છે,
હરિની સાથ તો સગપણ સ્મરણ લીધે થયેલું છે.

સ્મરણ જીવનમહીં મુજને શરૂમાં નાનું સાધન તે,
પરંતુ કામમાં કેવું જીવનમાં **ए** જ આવ્યું છે.

સ્મરણ લેવાથી હરિ ભાળ હૃદયથી કાઢવા મુજને,
જીવનમાં જામતાં રસ તે હૃદય તુજ રંગ લાગ્યો છે.

હરિઃૐ

## ચરણને પામવા હૃદયે

જીવનની મ્‌હાલવા રંગત, ચરણ ડૂબકી લગાવી છે,
ચરણને પામવા હૃદયે સ્મરણદાવો લગાડ્યો છે.

સ્મરણના ભાવથી મુજને ચરણ પડવાનું ઊગ્યું છે,
સ્મરણને દિલમાં દિલથી લીધા નિશદિન કરેલું છે.

સ્મરણનેડો થતાં દિલથી હૃદય તુજ ભક્તિ લાગી છે,
હરિ પર ભક્તિના ભાવે જવાયું વારીવારી તે.

હૃદયમાં માત્ર હરિ તુજને સ્મરીને જીવવાનું છે,
સ્મરણ ભક્તિથી હરિતાસીર જીવન પ્રત્યક્ષ ઊપસી છે.

હરિઃૐ

## અમારે વહાલ કરવાને

અમારે વહાલ કરવાને ચરણ તારાં રસીલાં છે.
ચરણની બંદગી કરીએ, ચરણમાં શિર ઝુકાવીને.

અમે કંઈ ભવતણાં પાપી હૃદય ઉદ્વિગ્ન પામીને,
ઘણું પસ્તાઈને દિલથી ચરણ રક્ષાણ લીધેલું છે.


શું તરફડિયાં જીવનમાં તે અનેકે રીત માર્યા છે !
કશી કારી ના ફાવી જ્યાં, ચરણ તારે ઢળેલો તે.

ચરણઆશ્રય પરમ મુજ છે, ચરણ આધાર મારો છે,
જીવનના પ્રાણ ચરણો છે, જીવનશક્તિ ચરણમાં છે.

હરિઃૐ

**ખંડ - ૪ થો**

# હરિનો માત્ર આધાર



અમારે જીવવાનું છે પ્રભુના માત્ર આધારે,
ન સાડાબારી અમને છે, અમે મુસ્તાક હરિ પર તે.

હરિઃૐ

# ધણી ધીંગો અમારો તે

જીવનની સર્વ બાબતની બધી જવાબદારીયે,
હરિના એકલા પર છે, ધણી ધીંગો અમારો તે.

જીવનમાં તો હરિ ભજવા વિના ધંધો ન કોઈ છે,
ચરણકમળે અમે કેવું પડી રહેવાનું રાખ્યું છે !

કશુંક ખૂંચતાં જરીક દિલમાં, જીવનમાં લાગતાં અમને,
હરિને બૂમ મારીને અમે સંભળાવી શા દઈએ !

થયેલા મુગ્ધ સંપૂર્ણ અમે શા તુજ પરે હૃદયે !
તને શા એકલાનામાં નીરખવામાં મઝા અમને !

હરિઃૐ

# પ્રભુના માત્ર આધારે

અમારે જીવવાનું છે પ્રભુના માત્ર આધારે,
ન સાડાબારી અમને છે, અમે મુસ્તાક હરિ પર તે.

'હૃદય વહાલો અમારો તે સદા અમને જ નીરખીને-
-બધું સંભાળતો રહેશે', અમારે દિલ ભરોંસો છે.

નર્યો તે કલ્પનાથી ના ભરોંસો દિલ ઊગેલો તે,
ભરોંસો, આત્મવિશ્વાસ, અનુભવથી ઊગેલા છે.

જીવનના તે ભરોંસામાં કશું પોલું જરા ના છે,
હૃદય જીવંત એના પર, જીવનમસ્તી અમારી છે.

હરિઃૐ

## અમારી જાનફિશાની

કરી કરીને તપશ્ચર્યા અમે હરિને જગાડ્યો છે,
વળી જીવનમાં આમંત્ર્યો, રીઝી અમ પર તે આવ્યો છે.

હવે ગરબડ બીજી કોઈ અમારે ના જીવનમાં છે,
સરળ જે તે, સરળ જીવન વહ્યા કેવું કરે છે તે !

'બધે જેમાં અને તેમાં જીવનવ્યવહારમાં અમને-
-હરિ સંભાળનારો છે', હૃદય વિશ્વાસ બેઠો છે.

અમે કુરબાન શા છીએ હરિની પર બધી વાતે !
અમારી જાનફિશાની ચરણકમળે હરિનાં છે.

હરિઃૐ

# હરિ અમ ખાસ શણગાર

અમારે જીવવા કાજે હરિનો માત્ર આધાર,
છતાં ના પાંગળા છીએ, હરિ અમ ખાસ શણગાર.

બધી વાતે જ શો સરખો ! જીવન અમને રખાવે તે,
અમારા સર્વ જીવનનો બધો વ્યવહાર ચલવે છે.

મૂળે મૂડી વિના આશ્રય કૃપાથી શા થયેલા છે !
બધા તે તે થતાં, મૂડી મળ્યા કેવી કરેલી છે !

થયા સંકલ્પ પરમાર્થે જીવનમાં તેં ફળાવ્યા છે,
હકીકતમાં હકીકત તે અનુભવની બધાંની છે.

હરિઃૐ

# ભાવાત્મક મનન ચિંતવન

જીવનમાં તો પ્રભુ તારા ખરેખર બળથી જીવ્યો છું,
જીવનમાં સર્વ થતું રહે જે પ્રયત્ને તું ઊભેલો છું.

બધો આધાર તુજ પર છે, જીવનમાં તું રમંતો છે,
જીવનમાં એકલો તુજને નીરખવાનો અમારે છે.

જીવનમાં નીરખી નીરખી તને એકીટશે હૃદયે,
અમારે ગાળવાના છે જીવનમાંના દિવસ તે તે.

મનન ચિંતવન સતત હૃદયે શું ભાવાત્મક થતું ર્હે છે !
જીવને મહાલવાકેરો અહા ! આનંદ કેવો તે !

હરિઃૐ

# ગમે તેવું બધું તોયે

હરિ જેવો ધણી ધીંગો જીવનમાં જ્યાં મળેલો છે,
પછી ચિંતા ફિકર કેવી ! હૃદય અલમસ્તી લાધી છે.

અમારા જીવવાનો શો હૃદય આહ્લાદ આનંદ !
શી દરિયાની ઊંચી છોળો થકી અદકો જ પરમાનંદ !

ઝઘડવાનો કદીક લહાવો અમારો શો હરિ સાથે !
ઝઘડવામાંય આનંદ પડે અમને અનેરોયે.

અમારા મૂર્ખનું એવું કશું ના તે હૃદય લે છે,
ગમે તેવું બધું તોયે હરિ શો સાંભળી લે છે.

હરિઃૐ

## જીવનનું હાર્દ અનુભવવા

જીવનનું હાર્દ અનુભવવા કૃપાથી શું ઝુકાવ્યું છે !
ઝુકાવ્યાથી જ દિલ મુજને પ્રભુચરણે નમેલું છે.

તને મુજ દિલ નમવાથી, તને નમવું ગમેલું છે,
હૃદય નમવાથી તુજ સ્મરણે હૃદયમાં વહાલ છૂટ્યું છે.

સ્મરણમાં ભાવ લાગ્યાથી મતિમાં તે પ્રવેશીને-
-કરી શી બુદ્ધિને મુગ્ધ, કરાવી શાંત બુદ્ધિને.

કરુણાળી કૃપા તુજ છે, કૃપાથી પુષ્ટ જીવન છે,
જીવનબલિહારી તેવી તે અનુભવી, મસ્તી ઊમટી છે.

હરિઃૐ

# હૃદયલગની

જીવનમાં એક શો તારો ભરોંસો સત્ય લાગ્યો છે,
રહેવાયું જ વળગીને તને તેથી હૃદય મારે.

જીવનમાં **एक**નું સગપણ હૃદય મેં તો લગાડ્યું છે,
લગાડીને હૃદય તુજને સતત ચાહ્યા કરેલો છે.

જીવનમાં રંગ તુજ લાગી કંઈક અણસાર ઝાંખી શી !
હૃદય દર્શાવીને મુજને શું આકર્ષી લીધેલો છે !

હૃદયલગની હરિ તારી હવે બસ માત્ર એક જ છે,
જીવનને તારનારી શી ! ખરી ઉપયોગની તે છે.

હરિઃૐ

## તમે ના લક્ષ લીધા છે

અમારા દિલની સામું તે તમે જોયું કશું ના છે,
શું ખાલી ધમપછાડાને તમે ના લક્ષ લીધા છે !

અમારું આડુંઅવળું કૈં ન તે નજરે નિહાળ્યું છે,
કરી ભૂલો, છતાં તોયે તું તેનો તે રહેલો છે.

અમે શો અવગણ્યો તુજને ! ન તારી સામું જોયું છે,
છતાં તોયે હરિ અમ પર કદી કાળે ન રૂઠ્યો છે.

અમારું કેટલું કેવું, બહું વાંકુંચૂકું ઘણુંયે,
પ્રભુ તુજ પ્રેમ કેવો છે, ન ગણકાર્યું કશું કૈં તે.

હરિ:ૐ

# કૃપા તારી

પતિત પાવન ગણી તુજને પડ્યો તારે શરણ પદમાં,
ન તેં તુચ્છકાર કીધો છે, કદીયે કોઈનો જગમાં.

અમારું કેટલું કેવું સહી તેં તો લીધેલું છે,
થયેલો મળથી ગંદો શો ! છતાં ના દિલ બગાડ્યું છે.

ગમેતેવું કર્યું, તોયે ન ધક્કેલી મૂકેલો છે,
ઊંધું ચાલ્યો, છતાં તોયે ન હડસેલી દીધેલો છે.

બહુ રખડેલને તેં તો ચરણમાં સ્થાન બક્ષ્યું છે,
રહમ તારી પ્રભુ કેવી ! કૃપા તારી પ્રભુ શી છે !

હરિઃૐ

## ચરણમાં શાં સમાયેલાં !

શું વારંવાર તરછોડ્યો, કરી ગુસ્સો પ્રભુ તુજને,
ન કહેવાનું કહી ચૂક્યો, છતાં ના કાઢી મૂક્યો છે.

કર્યા શા શા ગુના, કિંતુ ન તારાથી છુપાવ્યા છે,
પરંતુ તેં ન ધિક્કારી કદી ઘર બહાર કાઢ્યો છે.

ચરણમાં તેં શરણ રાખી બહુ ઉપકાર કીધા છે,
હૃદય તુજ યાદ પ્યારી તે, જીવનકૌવત અમારું છે.

ચરણની આગળે કેવાં અમે શાં તુચ્છ બિંદુ તે !
ચરણ તે ના ચરણ માત્ર, જીવનનું કેંદ્રબિંદુ છે.

સકળ બ્રહ્માંડથીયે તે બીજાં બ્રહ્માંડ જે જે તે,
ચરણમાં શાં સમાયેલાં ! ચરણ એવાં અમારાં છે.

હરિઃૐ

# મહદ સદ્‌ભાગ્ય

હૃદયથી સાવ સંપૂર્ણ જીવનસહકાર દેવાને,
પ્રભુ શો એકલો યોગ્ય કૃપાથી તું મળેલો છે !

કશા ના તર્કવિતર્ક મને સહકાર દેવાને,
કશા સંકલ્પ વિકલ્પ પ્રભુ તેં ના કરેલા છે.

મહદ સદ્‌ભાગ્ય એવું તો કદીક કોઈકને મળશે,
કૃપાના ધન્ય બળિયા તે જીવન કેવું રમેલા છે !

જીવનમાં કેવું કેવું શું પતિતને બાપ બક્ષ્યું છે !
ગણતરી તે થતાં, ભાવ સમૂળગો ઊડી જાયે છે !

હરિઃૐ

## અહા ! શા ઠેકડા માર્યા !

જીવનની ખુશનસીબી કે પ્રભુએ સહાય કીધી છે,
પ્રભુએ ઓથ આપીને શિરે મુજ હાથ રાખ્યો છે.

હૃદય હિંમત મને તેથી નશે મશગૂલ ચઢી ગઈ છે,
સમુદ્રોયે તરી શકવા હૃદય બસ હામ ફાટી છે.

કૃપાનો કર પ્રભુ તારો અનુભવ આવતાં જીવને,
ખુમારી ને શહૂર હૃદયે ખમીર, કેવાંય પ્રગટ્યાં છે !

જવા ઓળંગી મર્યાદા કૂદી કૂદી પથે ત્યારે,
અહા ! શા ઠેકડા માર્યા ! ભરાયેલા કૃપાથી તે.

હરિઃૐ

# કરુણાસિંધુ

પ્રભુ આધાર તારા પર અમારો તો બધોયે છે,
હવે જો જાય તું છટકી, રહેવું ક્યાં ઊભું પછી તે ?

અરે ! તું મૂર્ખ કેવો છે ! કદી છટકી ગયો શું **તે** !
અમેયે કેટલીવાર પૂરા છટકી ગયેલા તે.


મળે ખરડાયેલો કેવો પ્રભુ તુજ પાસ આવ્યો છે !
જુગુપ્સા ના કશી લાવી ન તરછોડી મૂકેલો છે.

અપાપી પાપીનો ભેદ કશો તારી ન આગળ છે,
કરુણાસિંધુ તું તો છે, કૃપા તારી ગજબની છે

હરિઃ ૐ

## ખંડ - ૫ મો

# અમારી જો મદદ ઇચ્છો



અમારી જો મદદ ઈચ્છો જીવનને વાળવા કાજે,
અમારામાં વળેલું દિલ તમારું તો થવું ઘટશે.

હરિઃૐ

## વાંક કોનો છે ?

ગરજ જાગ્યા વિના ઉત્કટ ખરેખરી દિલમાં તમને,
ગરજના તે વિષયમાં તો પ્રવેશી ના શકાયે છે.

ગરજ તમને ન જાગી છે, બીજો પછી શી રીતે તમને-
-જગાડી તે શકે કેમ ગરજ જીવનની દિલમાં તે !

સ્મરણ કરવા ન જો દિલ છે, પ્રયત્નો દિલ ન કરવા છે,
વળગવાનુંય ખાલી જો, પછી કહો વાંક કોનો છે ?

'બધું 'મોટા' કરી દેશે' હૃદય જો એમ માન્યું છે,
હૃદય 'મોટા' વિશે તમ કાં પૂરેપૂરું ડૂબેલું છે ?

હરિઃૐ

# એક રસ થઈ જજો

અમારાથી તમારે જો જીવનને પામવા દિલ છે,
અમારામાં પૂરેપૂરાં એક રસ થઈ જજો હૃદયે.

જુઓ અજમાવી **આ જીવ**ને પ્રયોગેથી કરી કરીને,
જતાં નિષ્ફળ પછી લાગો, અમો પર થૂંકજો પ્રેમે.

પરંતુ દિલ, મતિ, મનને પ્રમાણિકરીત પ્રયોગે તે-
-પરોવેલાં હશે ભાવે, જણાશે સત્ય મેળે તે.

બતાવેલા પ્રયત્નોમાં ન આચરવા વિશે દમ છે,
પછી કાં વેવલાવેડા નકામા બૂમબરાડા શેં ?

હરિઃૐ

## ‘બધું કરી કોક સૌ દેશે’ ?

તમારે ચાલવું જો ના ન ડગલુંયે જ ભરવું છે,
‘બધું કરી કોક સૌ દેશે’ ખરે ! તે વ્યર્થ ફણગો છે.

‘બધું ‘મોટા’ કરી દેશે’ હૃદય જો માન્યતા તે છે,
મતિ, મન, પ્રાણ, અહં, ચિત્‌ને પરોવી દો જ ‘મોટા’ને.

બુમાટા મારવા ખાલી, વળગવું ખાલી ખાલી છે,
તમે ‘મોટા’ કરી અમ દો બરાબર પાંસરું જે તે.

જીવનવિકાસને અર્થે તમોને જો પડી ના છે,
પછીથી શી રીતે ઉપર શકાયે ખેંચી તમને તે ?

હરિઃૐ

## અમે બંધાયેલા વચને

અમારામાં પૂરેપૂરું તમારું દિલ પરોવીને,
અખંડ દિલમાં તેવો પ્રગટવા ભાવ દો જીવને.

તમારો ભાવ પ્રિછાતાં અનુભવમાં હૃદય અમને,
કદી પાછા નહિ પડીએ, અમે બંધાયેલા વચને !

તમારે જોર તો કશુંયે ન દાખવવું હૃદયનું છે,
પછીથી બૂમબરાડા તે શું ખાલી પાડવાના છે ?

તમારી જાતને ઊંડી પૂરેપૂરી તપાસી લ્યો,
કવાણું નિજમાં શું તે તમે નાણી, ચકાસી લો.

હરિઃૐ

# તમે શાં પાંગળાં પૂરાં

અમારે શિર કાં સઘળું, તમારું સર્વ ઝીંકો છો ?
તમે શાં પાંગળાં પૂરાં નરાતાર જીવનમાં છો ?

તમારે દિલ જો અમને કરેલા **જીવતા** ના છે,
અમારેયે પછી કેવી રીતે ત્યાં પેસવાનું છે ?

'મુલાયમતા પૂરેપૂરી જીવનને વાળવા કાજે-
-પ્રગટવી જોઈશે તમમાં' શરત એવી પ્રથમ તો છે.

તમે જો તેય પાળીને શક્યા દર્શાવી જીવન ના,
પછીથી દોષ ખાલી કાં તમે દેતા રહો અમને ?

હરિઃૐ

## તમારે જો ન ચસવું છે

જીવનચીલા પડેલાથી તમારે જો ન ચસવું છે,
જીવનવિકાસની વાતો નિરર્થક વ્યર્થ કરવી તે.

જીવનની આળપંપાળ વિશે દિલને લગાડ્યું છે,
તમારા દિલમાં એવું બીજું વળગેલું કૈં કૈં છે !

તમારે એવી દુનિયામાં સદા જીવવાનું કરવું છે,
પછી વાતો પ્રભુની તે શું ખાલી ખાલી કરવી છે ?

તમારે ચેતવું જો ના, અમારે શી રીતે તમને-
-હૃદય ચેતાવવાં ? અમને જણાવી દો કૃપા કરીને.

હરિઃૐ

# ભૂમિકા ના રચાઈ છે

તમે જ્યાં છો જરા ત્યાંથી તમારે જો ન ખસવું છે,
કરી યત્ન તમે તેવા ન દર્શાવ્યા અમોને છે.

પ્રમાણિકતા, વફાદારી વળી ઝિંદાદિલી જીવને,
તમે વર્તી બતાવ્યાં ના, છતાં આશા મદદની છે.

અમારામાં તમારું દિલ કશું જ્યાં ના વળેલું છે,
પછીથી શી રીતે તમને હૃદયસંદેશ તે પહોંચે ?

હૃદયની પ્રેમભક્તિની ભૂમિકા ના રચાઈ છે,
અમારાથી મદદ કશી તો તમોને ના થવાની છે.

હરિઃૐ

# ઉત્કટ જિજ્ઞાસા

અમારી જો મદદ ઇચ્છો જીવનને વાળવા કાજે,
અમારામાં વળેલું દિલ તમારું તો થવું ઘટશે.

જીવન પ્રત્યેની જિજ્ઞાસા તમારે દિલ ઉત્કટ છે,
ખરેખર કામ તે આવે જીવનવિકાસના ક્ષેત્રે.

ગતિશીલ, ક્રિયાશીલ, શું સર્જનશીલ જીવનમાં તે-
-થયા કરતાં હશો, તો તો જીવનજિજ્ઞાસા સાચી છે.

નકામું વળગવું ખાલી કશું ના કામ આપે છે,
તમારી વાત જીવનની તમે જાણી જ લો હૃદયે.

હરિઃૐ

## અમારો દોષ કાં કાઢો ?

બતાવેલાં જ સાધન તે કર્યાં કરવા સતત દિલને,
કશી ગોદાટી ના કરી છે, પ્રયત્નેયે ન શૂરા છે.

પછીથી બળતરા ખાલી તમે ઓક્યા કરો શાને ?
અમારો દોષ કાં કાઢો ? તમે નિજનું જ સંભાળો.

અમે તમને ન આમંત્ર્યા, તમે મેળે જ આવ્યા છો,
પથે હાલ્યા ન ચાલ્યા છો, ન યત્ને ઉદ્યમીયે છો.

ભલેને સદ્‌ગુરુ માન્યા તમે અમને કંઈક દિલથી,
છતાં મતિ, પ્રાણ, મન અમમાં પરોવાયેલ ના તમથી.

હરિઃૐ

## ફનાગીરીની તત્પરતા

તમારું દિલ જીવનના ચહેલા ધ્યેયને વિશે,
કહો, ડૂબેલું ચિંતવતું રહે એકાગ્ર કેવું તે ?

દિવસનો કેટલો કાળ જીવનના ધ્યેયની પાછળ,
તમે આપ્યા કરો છો તે ગણો હિસાબ તત્કાળ.

પૂરેપૂરું જ હોમાયા વિના સંપૂર્ણ હરિચરણે,
જીવનવિકાસની આશા કશી ધરવી નકામી છે.

ફનાગીરીની તત્પરતા ઉમળકાથી જઈ વારી,
હૃદય જાગેલ જો ના હો, વળી પાછા જજો પદથી.

હરિઃૐ

# અનુભવની જીવનમસ્તી

અસર લક્ષ્મીની જીવનમાં જરૂર પરખાઈ આવે છે,
અનુભવની જીવનમસ્તી પછી તે કેમ છાની રહે ?

વિરોધાત્મક ભલેને હો જીવનસંજોગ તોયે તે,
હૃદયના ભાવની મસ્તી તરી ઉપર શી આવે છે !

સ્મરણ જે ભાવમસ્તીથી થતું અલમસ્ત જ્યાં રહે છે !
ઝલક ખુશબો ખૂબી કેવાં વીજળી શાં તે ઝબૂકે છે !

સ્મરણ એવાની જીવન જ્યાં નિરંતરતા પ્રવર્તે છે,
ખરેખર તે પછી ભાવભૂમિકા જીવતી જાગે છે.

હરિઃૐ

## ભૂમિકા જોઈશે અમને

જીવનકર્તવ્ય નિમિત્તો અમારે સાધવાને તે,
તમારી સાથ જીવનનો હૃદયસંબંધ અમ શો છે !

વિના તે કોઈ નિસ્બત ના જીવનમાં તો અમારે છે,
ફળવવાને હૃદય ભાવભૂમિકા જોઈશે અમને.

અમારે કર્મ કરવાને સરળતા તે મુલાયમ શી-
-પૂરી તે યોગ્યતાવાળી, તમારે પ્રાપ્ત કરવાની.

ન તમને ભૂખ લાગી છે, ન તમને ઝંખના દિલ છે,
પછી બીજા કરી શકશે કશું કંઈ શું જ તમને તે ?

હરિઃૐ

## કઈ રીતે જીવનમંડાણ કરવું તે ?

તમારે દિલ ઠરવાને જરીક સરખીય જગ્યાને,
તમે જ્યાં આપતાં ના છો, પછી ઠરવું કઈ રીતે ?

સ્મરણ ના છે, ભજન ના છે, કશો ના ભાવ જાગે છે,
હૃદય તમથી થતું તેને ન ઠરવા યોગ્ય તે તે છે.

તમારો ભાવ હૈયાનો અમારામાં ન જીવતો છે,
કઈ રીતે અમારે તો જીવનમંડાણ કરવું તે ?

કંઈક રસ્તો બતાવો જો જીવનનું કર્મ કરવાને.
અમે તત્પર પૂરા છીએ પ્રભુની શી કૃપાથી તે !

હરિ:ૐ

## જીવનમાં સ્નિગ્ધતા ક્યાં છે ?

અમારે જીવવા કાજે તમારામાં ભલાભાવે,
જીવનમાં સ્નિગ્ધતા એવી તમારામાં અરે ! ક્યાં છે ?

અમારે પાડવાં પગલાં તમારે જીવને અમને-
-સરળતા ક્યાં તમે આપો ? પછી કરવું અમારે શું ?

તમે ફરિયાદ કંઈ કંઈ તે કરંતાં આવતાં કેવાં ?
જીવનમાં શું શું નક્કર તે તમે કરતાં રહેલાં છો ?

ગરજ કે સ્વાર્થ જીવનનો હૃદય જરીકેય લાગેલો-
-ખરેખર કાં ન લાગે છે હૃદય સ્પર્શતો અમને તો ?

હરિ:ૐ

# કઈ રીતે અમારે કામ કરવું તે ?

હૃદય જિવાડવા અમને પડી જો ના તમોને છે,
ગરજ વિના કઈ રીતે અમારે કામ કરવું તે ?

'હૃદય જાગ્યા વિના ભક્તિ, જીવનની તે ભૂમિકામાં,
પડી શકશે ન તે પગલાં,' તમે તે જાણી લો દિલમાં.

હૃદયસંબંધ જીવનમાં મળેલો છે નિમિત્તો જે,
હૃદય તૈયારી સંપૂર્ણ ફળવવાને અમારી છે.

મળેલાંમાં ભલી રીતે જરૂર જીવવું અમારે છે,
પરંતુ જે મળેલાં છે ન તેને સ્વાર્થ લાગ્યો છે.

હરિઃૐ

## અમે તો જંપવાના ના

અમારી કેવી કમબખ્તી ? 'થઈ શકતું કશુંયે ના,'
'ફળવવાને જીવન અમથી,' પૂરી લાચારી કેવી ત્યાં !

અમારા દિલની શ્રદ્ધા છતાં ના ખોઈ બેઠો છું,
હૃદયની ધા પ્રભુચરણે રહીશ સંભળાવતો તે હું.

અમારે તો પ્રભુ ચરણે નિવેદન સર્વ બનતું જે,
કર્યા કરવાની આદત છે, હૃદયભક્તિથી કરશું તે.

અમારે ભાગ આવેલું કર્યા વિના કદીયે તે-
-અમે તો જંપવાના ના, અમારું 'કર્મ' એવું છે.

હરિઃૐ

# પછી બકવાટ મિથ્યા છે

તમારે જો ન ચસવું છે, ઊભા ત્યાંથી ન ખસવું છે,
જગાને ના બદલવી છે, પછી બકવાટ મિથ્યા છે.

તમારે નિજ જીવનમાં તો પૂરાં રાચ્યા જ કરવું છે,
મળ્યા સંસારથી એવા ન ઊંચી દૃષ્ટિ કરવી છે.

મળ્યું છે જે બધું તેમાં તમારે રસથી જીવવું છે,
પછી ઊંચે જવાકેરાં બધાં ફાંફાં નકામા છે.

જવા ઝંખો વિશે જેમાં ન તેનાં કોઈ લક્ષણ છે,
અમારે શું પછી કરવું ભલા થઈને કહેશો તે ?

હરિઃૐ

## તમન્ના દિલ ન લાગી છે

ઊંચે જો આવવાકેરી તમન્ના દિલ ન લાગી છે,
કઈ રીતે પછી પકડી ઊંચે પ્રગટાવવાં તમને ?

જીવનમાં દિલ પ્રવેશીને કંઈક ત્યાં કર્મ કરવાને,
મદદ કરવાની ઇચ્છાયે તમારે દિલ ન જાગી છે.

તમે કહેશો, ‘અરે ! મોટા, તમે નાહકનું બોલો છો,
અમારે દિલ ઇચ્છા છે’, શું એટલુંયે ના તોલો ?

જગતવ્યવહાર સંસારે કશી ઇચ્છા જ જાગે છે,
તમે લાગી પડો છો શાં તુરત તે કામ કરવાને !

તમારા દિલથી તમને તમે પૂરું તપાસી લો,
બધો ઇન્સાફ કરવાનો અમે તમને જ સોંપ્યો છે.

હરિઃૐ

# વિના પૂરી તૈયારી

તલસતા દિલની પક્કી પૂરી તૈયારી વિના તે,
જવાશે શ્રેયને માર્ગે જરાયે ના અગાડી તે.

ચલવવાનાં અમારે જો તમોને હોય **આ** માર્ગે,
તમારા દિલમાં અમને ભીંજવવા ભાવથી પડશે.

વિના વાળ્યા તમારું દિલ અમારામાં પૂરી રીતે,
અમારાથી કશુંયે તે બની શકવાનું કૈં ના છે.

પરંતુ ચિત્તસંસ્કાર, સ્મરણ કરતાં, સ્મરણ કરવે,
બીજાં એવાં જ સાધનને કર્યા કરવે પડી શકશે.

હરિઃૐ

# તમારી દિલ તૈયારી

જીવનમાં તે હરિ ભજવો, તમે જો દિલ ધાર્યું છે,
ધગશ, ઉત્સાહ ને ખંત પછી કાં ના જણાયે તે ?

ગગનની સાથ ઉમંગે તમારે બાથ ભીડવી છે,
છતાં ઊડવા જરીક ડગલું કશી હિંમત હ્રદય ના છે.

હજી શંકા, કુશંકાઓ હજી શા પૂર્વગ્રહ મતિના-
-હઠાવાને કર્યું ના કૈં, બખાળા તો પછી શાના ?

તમારે ચાલવું જો હો ઊભા થઈ ચાલવા માંડો,
તમારી દિલ તૈયારી કશીક તો આપ બતલાવો ?

હરિઃૐ

# ન આમંત્રણ અમે દીધું

રખડતા ઢોરની પેઠે, રઝળવું હોય જો નિત્યે,
જવાનું શ્રેયના માર્ગે મૂકી દેજો ભલી રીતે.

ન આમંત્રણ અમે દીધું અમારે પંથ ભળવાને,
તમારી મેળ જો આવ્યાં. કરી સાર્થક બતાવોને.

જીવનને પંથ ધપવાને હૃદય હિંમત ભરી ભરીને,
અભય થઈ નમ્ર, સાહસથી ભરો ડગ હર્ષ ઉમળકે.

મૂકીને વેગળું માથું જીવનના શ્રેયને પંથે,
હૃદય નિર્ધાર્યું છે જો તો હવે ખચકાવ છો શાને ?

હરિઃૐ

## આ માર્ગે

તમારે ચાલવાનો જો પથે નિશ્ચય થયેલો છે,
પછી નિશ્ચય તમારો શો ઊડી તે ક્યાં ગયેલો છે ?

મરણિયા દિલના નિશ્ચય વિના **આ** માર્ગમાં ટકવું,
ભલભલાથીય **આ** માર્ગે ભરાતું દૃઢ ન કૈં પગલું,

ભલભલાનાય શા છક્કા છૂટી **આ** માર્ગ જાયે છે !
પછી તારા અને મારા સમાનો શો હિસાબે છે ?

હૃદય નિરાશ કરવાને તને સંબોધ્યું તે ના છે,
દીવા જેવું બધું સ્પષ્ટ તને કરવા, લખેલું છે.

હરિઃૐ

# ફનાગીરીતણા યજ્ઞે

કર્યા કીધી જ ગોદાટી શી વારંવાર ? તોયે તે-
જરીકેય ન ચસક્યા છે, હતા ત્યાંનાય ત્યાં શાને ?

અમારે હાથ જોડીને રહેવું બેસી ખાલી તે,
અમોને તે ન પાલવશે, અમારે કેમ કરવું તે ?

વળગવું હો હૃદયથી તો, હૃદયમાં ભાવ ભરી ભરીને,
ફનાગીરીતણા યજ્ઞો પૂરું હોમઈ જવું પડશે.

તમારામાંનું જે જે કૈં તમારું સર્વ માન્યું જે,
બધું તેને તમારુંયે મૂકી દેવું પદે પડશે.

થવાનું ખાલી સંપૂર્ણ બધી રીતે, બધી વાતે,
પૂરું તેવું થયા વિના પમાશે ના ચરણને તે.

હરિઃૐ

# રહે દિલમાં નિરંતર તે

અમારી જો મદદ તમને જીવનમાં તે જરૂરી છે,
મદદ મળવાતણી દિલમાં ગરજ વર્તાતી કાં ના છે ?

ગરજ જેના વિશે લાગ્યે, ગરજના ભાનથી હૃદયે,
વળેલાં તે તરફ કેવાં રહીએ આપમેળે તે !

હૃદયઆધાર સંપૂર્ણ તમારો જો મદદ પર છે,
શી તાલાવેલી દિલ કાં તે મદદ કાજે ન લાગે છે ?

પૂરેપૂરાં વળ્યા વિના અમારામાં તમે હૃદયે,
અમારાથી કશી રીતે મદદ ના તે થઈ શકશે.

પરંતુ જો થતાં સાધન રહે દિલમાં નિરંતર તે-
-પ્રભુની તો મદદ પડખે ઊભેલી જોઈ શકાશે તે.

હરિઃૐ

## ‘હૃદય મોટા વિશે ક્યાં છે ?’

તમારે દિલ મનન ચિંતવન જીવન વિશે થતું જો ના,
પછી કોઈ રીતથી માર્ગ, કપાવાનો જરાયે ના.

કરાતું જો ન હો સાધન, હૃદયમંથન ન તેનું છે,
જીવન વિશેનું ના ભાન, પછી ફાંફાં નકામા છે.

‘બધું ‘મોટા’ કરી દેશે,’ તમારું માનવું તે જે,
‘સતત ‘મોટા’ વિશે રમતું હૃદય ‘મોટા’ વિશે ક્યાં છે ?

પ્રમાણિક માન્યતા જો છે, પ્રમાણિક તેવું વર્તન તે-
-થયા કરવું ઘટે દિલથી, શું વર્તન બોલી તો ઊઠશે !

હરિ:ૐ

# તમે અંતર તપાસી લ્યો

તમે કહેશો, 'અરે ! મોટા, તમારું કામ તે કરીએ,
મદદમાં લાગીએ તમને, પછી કાં આમ બોલો છો ?'

ભલે કરતાં તમે તે છો, હૃદય ઉપકાર માનું તે,
પરંતુ કર્મ કરતાં દિલ ઊછળતો ભાવ ક્યાં તે છે ?

ઊછળતા ભાવઉન્માદે વળેલું દિલ તમારું જે,
અમારે તે જ ખપનું છે જવાને શ્રેયને માર્ગે.

તમારું તેવું છે કે ના તમે અંતર તપાસી લ્યો,
પછી કરવા નિવેદન તે ભલાં થઈ આવજો, યાચું.

હરિઃૐ

# અમારું કર્મ તે અમ ના

અમારું સર્વ કંઈ કરશો તમારા ઋણથી તેવા,
ચીંધેલું જે તમારાથી ન બંધાયેલ તે કરવા.

તમારું કર્મ ચીંધેલું થશે કે ના થશે અમથી,
અમારા પર ન કૈં ધરશો, કશો આધાર તે દિલથી.


અમારું કર્મ તે અમ ના, બધાંનું કર્મ તે તે છે,
છતાં જો તે કરો છો તો, હૃદય આભાર માનું છું.

તમારાં કર્મના ઋણનો ન બદલો વાળી જો શકતો,
ક્ષમા કરી જો શકાયે તો, ક્ષમા કરજો, ક્ષમા કરજો.

હરિઃૐ

## ખંડ - ૬ ઠ્ઠો

# અમારે ફાવતું કરીએ



અમારે ફાવતું કરીએ, તમોને જો ન મંજૂર તે,
તમે અળગાં બધાં રહેજો, અમારી ના કશી ના છે.

હરિઃૐ

## 'પ્રભુશક્તિ'

'પ્રભુશક્તિ' શું સમજે છે, કંઈ તે ભાજીમૂળા છે ?
અમથી અમથી જરાયે તે ન વપરાયે બીજી રીતે.

પ્રભુ ગુલામ કોઈનો નથી, છો ભક્ત તે હોયે-
-હુકમ તે ના કરી શકશે, પ્રભુને કોઈ પણ રીતે.

ભલે તે પ્રાર્થના કરશે હૃદયથી કરગરી ભાવે,
છતાંયે જે ગમે હરિને મુબારક ભક્તને તે છે.

ગમે તેવો મહાભક્ત વટાવી ના શકે પ્રભુને,
નિમિત્તે ભક્તને આવ્યું, નિવેદી શાંત તે ઠરશે.

હરિઃૐ

## થતાં કરણોતણી શુદ્ધિ

થતાં કરણો વિશે શાંતિ પૂરેપૂરી બધી રીતે,
પછીથી ચેતનાકર્મ થવાવાનું જીવનમાં છે.

થતાં કરણોતણી શુદ્ધિ પૂરી શાંતિ ઊગે મેળે,
થશે શુદ્ધિ વધ્યે ભાવ, બધાં કરણો તહીં ઠરશે.

સ્મરણ ને પ્રાર્થના, કીર્તન, ભજનભાવ નિરંતર તે,
સમર્પણ ને નિવેદન સૌ કરાતાં, ભાવ બઢતો છે.

હૃદયસાધન કર્યા વિના કદી **આ** શ્રેયના પંથે-
-જઈ કૈં ના શકાવાનું ગમે તેવા થકીયે તે.

હરિઃૐ

# હરિ ભજવાનું ટાણું

હરિ ભજતાં, હરિ ભજતાં, નિરંતર છંદ લાગે છે,
જીવન અણમોલ મળિયું જે, હરિ ભજવાનું ટાણું છે.

જીવનનું ધ્યેય નિશ્ચિત હૃદય સંપૂર્ણ ઊગ્યું છે,
ગતિશીલ ને ક્રિયાશીલ થૈ શું સર્જનશીલ બને છે તે !

હૃદયમાં ઝંખના ઉત્કટ પરત્વે ધ્યેયમાં જો છે,
પડી રહી કોઈ ના શકશે નિરાંતે ખાલી ખાલી તે.

નકામી એક પળ ના તે સધાયા વિણ જવા દેશે,
જશે હોમાઈ સંપૂર્ણ કરી યાહોમ નિજ પંથે.

હરિ:ૐ

# અમારે માર્ગ પળવાને

અમારે માર્ગ પળવાને ન કોઈને કથેલું છે,
અમે તો કોઈનેયે તે ન આમંત્રણ દીધેલું છે.

ઢીલાપોચાતણું કામ નથી **આ** માર્ગને વિશે,
પળે તેવાં, નિરાશા ત્યાં ભયંકર શી લખાઈ છે !

પળેલાં કંઈક એવાનાં મને દર્શન થયેલાં છે,
ન આમાંયે, ન તેમાંયે, શું લટકેલાં જ અધવચ તે ?

બૂમો એવા પછી પાડે નિરાશામાં પડેલાં જે,
કશો ભલીવાર તેવાની બૂમોમાં તો પછી શો છે ?

હરિઃૐ

## ‘શ્રદ્ધા’નો યજ્ઞ

કૃપા તારી શી અઢળક છે, શી અપરંપાર ઉત્તમ તે !
અનંતાનંત પોતે છે, અમર્યાદિત કૃપા શી તે !

અમે શ્રદ્ધાથી માંડેલો, હૃદય ‘શ્રદ્ધા’નો યજ્ઞ જ જે,
પૂરો **એણે** કરાવ્યો છે, હૃદય સંતોષ પામ્યું છે.

હૃદય ‘શ્રદ્ધા’ ભરેલી તે ચરણમાં વ્યક્ત થઈ શી તે !
વળી ‘શ્રદ્ધા’ ચરણ ધરવા મળ્યું જે જે જરૂરી તે.

કૃપાથી યજ્ઞ માંડેલો, અમે ‘શ્રદ્ધા’નો ભક્તિએ,
વિચાર્યા વિણ સહેજે તે, પળ્યો શો યજ્ઞ પૂરો તે.

હરિઃૐ

# પ્રભુ એકલો પ્રીછે

અમારે તો હરિ ભજવા, હરિ ભજવાનો ધંધો છે,
હરિ ભજવા નિરંતર તો ફકીરી વેશ લીધો છે.

અમે શા મસ્ત દીવાના ! કહ્યામાં કોઈના ના તે,
પહેરી કફની, લંગોટી, હૃદય અહાલેક જગવ્યો છે.

શરીર પર ભસ્મ ચોળીને, થયેલા નગ્ન પૂરા તે,
અમારાં રીતરસમ કેવાં ! પ્રભુ તે એકલો પ્રીછે.

જગતજનને રુચે કે ના, હૃદય પરવા ન તેની છે,
અમારી પાસ ઢૂંકવાને ન કોઈને કહેલું છે.

તમારી મેળ આવો જો, બધું દિલ પાકું સમજીને-
-રહેવું ફાવતાં, બાકી જતાં રહેજો મુબારક તે.

હરિઃૐ

## અમે છૂટા પૂરા રહીએ

ન કંઈ બાંયધરી લઈએ કશાનીયે પરત્વે તે,
કશાની આમ કે તેમ જવાબદારી ના લઈએ.

અમારે ફાવતું કરીએ, તમોને જો ન મંજૂર તે,
તમે અળગાં બધાં રહેજો, અમારી ના કશી ના છે.

અમારાથી સ્વીકારાતાં, ભળાવી પદ બધું દઈએ,
હરિને સોંપીને જે તે અમે છૂટા પૂરા રહીએ.

સ્વીકારાયેલ અમથી જે નિમિત્તે તે મળેલું છે,
કૃપાના માત્ર આધારે પૂરું કરવાનું તે તે છે.

હરિઃૐ

# વિના નિમિત્ત ડગલું ના

નયન જેને નીરખવા છે, હૃદય જેને પરખવા છે,
કૃપાથી તેમને કંઈ જે અમારું સર્વ પ્રિછાશે.

વિચારીને વિચારીને કશું કરવાની આદત ના,
સ્ફુરાયેલું હૃદયથી જે કર્યા કરીએ જ જીવનમાં.


જીવનપરિચય વિશે જે જે મળેલાં જે બધાં જીવને,
બધુંએ તેમની આગળ થયા તે તે કરેલું છે.

વિના નિમિત્ત ડગલું ના અમે ક્યાંયે ભરેલું છે,
બધાં સાક્ષી જીવનમાંનાં હજીયે જીવતાં તે છે.

હરિઃૐ

# ખંડ - ૭ મો

# અનુભવ એકલો જાણે



અનુભવથી જ જીવનમાં બધાં પાસાંની રંગત તે,
અનુભવ આવીને તે તે જીવનમાં રસ જમાવે છે.

હરિઃૐ

# અનુભવ

પ્રભુના રૂપનો અનુભવ, અરૂપનો જે વળી અનુભવ,
ઉભયમાં શો તફાવત છે ! બીજો શો ઇંદ્રિયાતીત.

સકળ ઇંદ્રિય મન સાથે બીજાં કરણો ભળી જઈને,
અનુભવરૂપ, ત્યાં ગુણો જીવનમાં આત્મના પ્રગટે.

જીવનમાં સાક્ષી રહી પૂરા ગુણાતીત પૂર્ણ દ્વંદ્વાતીત,
પૂરા હોવા છતાં, ગુણથી નિમિત્તે ખેલતા જીવન.

અરૂપી જે અનુભવની ભૂમિકામાં સમય ઝાઝો-
-ન કોઈ પણ ટકી શકશે, પડે અવતરવું રૂપે શું !

હરિઃૐ

## બધાંથી મુક્ત કેવો છે !

પ્રભુ શો એકીસંગાથે રહેલો સત્ અસત્ વિશે !
છતાં પાછો ઉભયથી શો તદ્દન છૂટો જ તે સાથે !

બધાંમાં એકરસથી તે ભળ્યો સંપૂર્ણ પોતે છે,
છતાં પોતે સ્વતંત્ર જ **તે** બધાંથી મુક્ત કેવો છે !

જીવનમાં એમ અનુભવતાં પૂરું પ્રત્યક્ષ તે રીતે,
અનુભવને પ્રમાણી તે, અનુભવ જીવવામાં છે.

જગતજન તે રીતે એવા અનુભવીને ન સ્વીકારે,
ઉપરથી ઊલટા તે તો જરૂર ધુતકારશે એને.

હરિઃૐ

## જીવનથી સ્વતંત્ર ના

અનુભવ તો જીવનથી ના સ્વતંત્ર કોઈ રીતે છે,
પૂરો હોવા છતાં જીવન વળી સાક્ષીરૂપે શો તે !

પળેપળ શો ભળેલો ને પળેપળ શો જુદો પોતે !
ઊભયમાં એકીસાથે છે, છતાં પાછો નિરાળો છે.

જીવન હોવા છતાં ભેળો અને ત્યાં સાક્ષી પોતે છે,
જીવનને જાણી તેથી તો શકે એવો અનુભવી તે.

**જીવ**ની **આ** પ્રકૃતિ કેવી ! સ્વભાવ **જીવ**નો શો છે !
અનુભવી એકલો માત્ર સમજી શકવા સમર્થ જ છે.

હરિઃૐ

# હરિ તે એકલો માત્ર

જીવનમાં આશરો જેને હરિનો જો મળેલો છે,
ફિકરની તો કરી ફાકી જીવન અલમસ્ત જીવે છે.

જીવન અલબેલું, ન્યારું ને અવિચળ શું હરિમાં છે !
રમે છે આપ શો હરિમાં ! **જીવે** તરબોળ હરિમાં તે.

જરૂર પડતાં કશીક એને હરિને તે જણાવે છે,
બધું જે તે નિવેદીને હરિને, શાંત શો પોતે !

બધી વાતે જીવનમાં શો હરિ તે એકલો માત્ર !
ખરો આધાર **एवाने**, ખરો તેવો જ પદ પાત્ર.

હરિઃૐ

## અનુભવ ભાવઆનંદે

જીવનઆધારમાં ઊંડે, ઊંડે, ઊંડે પ્રવેશીને,
તદાકાર થવાતાંમાં અનુભવ ઓર પ્રગટે છે.

હૃદય આધારના કેંદ્રે શી છોળંછોળ રસની છે !
ઊછળતા ધોધના જેવો રસાનંદ શો ભભૂકે છે !

પ્રવેશાતાં, પ્રવેશાતાં, વળી અંતર ઊંડે, ઊંડે,
તહીંથી આગળે ધપીને પ્રવેશાતું રસાધારે.

રસાનંદે, રસાનંદે શું એકાકાર રસકેંદ્રે-
-થવાતાંમાં લહેજતનો અનુભવ ભાવઆનંદે.

હરિઃૐ

# હૃદયસહકાર જરૂરી છે

અમારે તો જીવન સાથે શું મહોબત દિલ લાગી છે !
મહોબતના જ સંબંધે અમે વળગેલ જીવનને.

મળેલાંને હૃદયથી તે અમારે ચાહી ચાહીને-
-ખરેખર મેળ જીવનમાં અમારે પાડવાનો છે.

જીવનની વાસ્તવિકતાને હૃદયના ભાવનાક્ષેત્રે,
-ખરેખર દિલમાં દિલથી જરૂર અવતારવાની છે.

મળેલાંમાં જ અવતરવા હૃદયસહકાર જરૂરી છે,
પૂરેપૂરો ન કો આપે, છતાં બકવાટ ઊભો છે.

હરિઃૐ

## સર્વમાં ગૂઢ

જીવનતાસીર બદલાતાં જીવનનો રંગ ન્યારો છે,
જીવનના રંગ એવા શા અનુભવમાં થયેલા છે !

જુદા જુદા જીવનપલટા પરસ્પરથી નિરાળા છે,
છતાં તે સર્વમાં ગૂઢ સમગ્રતા જીવનની છે.

શું એકંદર જીવનમાં જે મળ્યા કરતું જ સરવાળે !
પ્રભુ તેમાં હૃદય તારું સરળ તારતમ્ય લાગે છે.

અહા ! તે દિવ્યપંથે શા ખરાખરીના જ સંગ્રામ-
-જીવનમાં ખેલવા પડિયા, થયો પછી સાવ નિશ્ચિંત.

હરિઃૐ

## થતાં અનુભવ જીવન સાર્થક

જીવનની શા અનુભવની કળા, કારીગરી બધીએ,
વિના અનુભવ ન સમજાશે, જીવનચેતન અનેરું છે.

જીવનમાં કેટલાં પાસાં ! ખરે ચેતનનું એવુંયે,
-અનુભવતાં જીવનચેતન, નવા કોઈ **પ્રાણ** જાગે છે.

પછી તે **પ્રાણ** જીવનમાં રહે આધાર અવતરતા,
મળી, ભળી ને ગળી કેવા જતા તે સર્વમાં પૂરા !

રહે શા સાથ ત્યાં પાછા સકળના સર્વ ગુણધર્મ !
પિછાની આપમેળે લે થતાં અનુભવ, જીવન સાર્થક.

હરિઃૐ

## રમત એવી રમાઈ છે

ફનાગીરી, સમર્પણનાં બલિદાનોથી **આ** જીવન-
-પુનર્જીવનમાં નવસર્જન થયેલું શ્રીપદે અર્પણ.

જીવનમાં ક્યાંક રંડાયો, જીવનમાં ક્યાંક લપટાયો !
ફરી પાછો શું મંડાયો ! રમત એવી રમાઈ છે.

જીવનવિકાસને યજ્ઞે પદે, પદમાં જ બલિદાનો-
-તણી શી હારમાળાઓ સમર્પાયા કરાઈ છે !

સમર્પાઈ ગયા વિના જીવન સંપૂર્ણ સૌ રીતે,
નિરાંતે શ્રીપદે પૂર્ણ ઠરી કોઈ શકે ના તે.

હરિઃૐ

# સર્વશ્રેષ્ઠ અનુભવ

અમારે માનવાનું ના, અનુભવવાનું જીવન છે,
વિના અનુભવ જીવનકેરું થતું સાફલ્ય ના જીવને.

અનુભવથી જ જીવનનો સમર્પણયજ્ઞ સંપૂર્ણ-
-થયા કરતો રહે કેવો ! અનુભવ એકલો જાણે.

જીવનનાં સર્વ પાસાંની સમગ્રતા અનુભવતાં,
જીવન અવલોકવાનું તે પ્રિછાતું છે અનુભવમાં.

જીવનમાં સર્વશ્રેષ્ઠ જ છે અનુભવ એકલો માત્ર,
અનુભવવું જીવનને તો જીવનને મહાલવા માટ.

હરિઃૐ

# ફળેલા સંકલ્પ

જીવનમાં ગૂંચ, મુશ્કેલી અનેકે વાર આવી છે,
પથે નડવા જ લાગી જ્યાં, તહાં સંગ્રામ ખેલ્યો છે.

ખરાખરીના જ શા ખેલ જીવન મંડાયેલા ત્યારે !
બરાબરીના જ સંગ્રામે અમે પડતું જ મૂક્યું છે.

બધું જે તે કર્યા કરીએ, ધરી આધાર તુજ પર ને,
થવાં સૌ કર્મ તે સિદ્ધ, કૃપાબળ માત્ર સાધન છે.

'હૃદય સંકલ્પ નિજ વિશે થયેલા, તે ફળેલા છે,
કૃપાબળથી પ્રભુ તારી,' અનુભવસિદ્ધ હકીકત તે.

હરિઃૐ

# જીવનની ચેતનાશક્તિ

અમારે તો જીવન જીવવા અનુભવવા હૃદયમાં શો !
-ઊછળતો હર્ષ ઉન્માદ જીવંતો ત્યાં પ્રવર્તતો !

જતાં હોમાઈ પદ પદ શો જીવનમાં રસ પ્રકટતો છે !
રસાવેશે જ આધારે ઊંડે ઊંડે પ્રસરતો તે.

જીવનની ચેતનાશક્તિતણા રસનો જ ગુણધર્મ-
-ભજવતાં ને ભજવતાંમાં રહે મશગૂલ સંપૂર્ણ.

મળ્યું એવું જીવન મુજને કૃપાની શી પ્રસાદી તે !
પ્રસાદીથી જીવનકેરા અનુભવમાં રમાતું છે.

હરિઃૐ

## 'વિકસતું જે જતું જીવન'

જીવનના તે અનુભવનો ન કોને ખ્યાલ જાગે છે,
જતાં હોમાઈ શું યજ્ઞે જીવન સુવાસ પ્રગટે છે !

સમર્પણ યજ્ઞમાં કેવાં પડે દેવાં જ બલિદાનો !
-વળી તે પ્રેમભક્તિએ ધરી લક્ષે જ હેતુ શો !

જીવનમાં કેટલાં કેવાં બલિદાનો અપાયાં છે !
હજી ઈતિહાસ લખવાનો બધો તેનો જ બાકી છે.

'વિકસતું જે જતું જીવન' ખરો ઈતિહાસ પ્રત્યક્ષ,
પરંતુ કોણ તે એને સમજવા રાખતું લક્ષ !

હરિઃૐ

# સમર્પણયજ્ઞની સુરખી

અનુભવતાં, અનુભવતાં, સમર્પણયજ્ઞનો અગ્નિ,
બધું બાળી, કરી શુદ્ધિ, થતું જે તે જ તલસ્પર્શી.

અનુભવથી જ જીવનમાં બધાં પાસાંની રંગત તે,
અનુભવ આવીને તે તે જીવનમાં રસ જમાવે છે.

જીવન તદ્રૂપ ત્યારે શું નિમિત્તે એકરસ થાયે !
જીવનનું ધર્મકર્તવ્ય ખરેખરું ત્યાં જ પરખાયે.

જતાં પદમાં જ હોમાતાં સમર્પાતાં જ આહુતિ,
શી અવર્ણનીય ઝળકે છે સમર્પણયજ્ઞની સુરખી.

હરિઃૐ

## જીવનશક્તિનું ઓજસ

પદેપદ હોમતાં જીવન, જતાં હોમાઈ પદ, પદ તે,
જીવનના રંગ બદલાતાં અનુભવમાં પ્રકાશે છે.

અનેકે રૂપ, રસ, રંગ, છટા તે સર્વની શી છે !
ભભક સૌંદર્યના સૂર્યે જીવન છલકાતું આખુંયે.

જીવનવિકાસનો યજ્ઞ પૂરા ઓજસથી ભભકે છે,
ભભૂકતા ઓજસે કેવાં જીવનમાં રત્ન ઝળકે છે !

જીવનશક્તિનું ઓજસ શું અણુ અણુ, રોમરોમેયે,-
-શું અવતરીને ઠરી કેવો પૂરો નિજ ધર્મ ભજવે છે !

હરિઃૐ

## રમત રમવા...

હરિ છે સોબતી કેવો રમત રમવા મળેલો છે !
રમત રમવે જ હું બુડથલ, હરિ પાવરધો પુષ્કળ છે.

રમતના તે સકળ દાવે હરિની સાથ રમવામાં-
-અનેકે વાર હાર્યો છું, રમત તોયે ન છોડી ત્યાં.

રમત રમવા વિશે મશગૂલ હું સંપૂર્ણ રહેતો શો !
કશું ના ભાન બીજાંનું, કંઈ ત્યારે ન રહે મન તો.

રમત રમવા જીવનમાં જ્યાં હરિ જેવો મળેલો છે,
રમત રમવાની લહેજત શી ! હરિ સાથે અનેરી છે !

હરિઃૐ

## કૃપાથી ખોળી કાઢ્યો છે

અમારે તો હરિ સાથે હૃદય રમવાની લહેજત છે,
રમત રમતાં, રમત રમતાં કદીક સંતાઈ જાયે છે.

પછી બહુ ખોળતાં **एने** , અમારે હાથ ના'વે તે,
કહીં કહીં છો મથો ખોળી, છતાં કારી ન ફાવે છે.

છતાંયે ખોળવા હરિને રમત મૂકી દીધી ના છે,
અહીંતહીં આડેઅવળેયે બધું ખોળી મરું શોયે !

હરિને કાઢવા ખોળી હવે દા' હાથ મુજ આવ્યો,
વિના ખોળ્યા હરિને હું જરા જંપી ન રહેવાનો.

શી યુક્તિ ને પ્રયુક્તિથી રમતતાને, ચઢી ધૂને-
-હરિ સંતાયેલો નજદીક કૃપાથી ખોળી કાઢ્યો છે.

હરિઃૐ

# હરિ લટકાંની બલિહારી

હરિનાં માત્ર લટકાંએ અમે મોહી પડ્યા છીએ.
રમ્યા કરતું હૃદય હાવાં હરિ તે એકલામાંહે.

હરિના એકલામાં શો હૃદયમાં પ્રેમ જાગ્યો છે !
હરિને માત્ર ચિંતવવા વિશે રસ શો પડેલો છે !

બધું જે તે ભલે પંથે પડે નજરે જ અમને તે,
સતત તેમાં હરિ કેવો કરે લટકાં જ અમ સાથે !

હરિ લટકાંની બલિહારી હરિ પર મોહી પડિયો જે-
-ખરેખર એકલો માત્ર ખરી ખૂબી અનુભવશે.

હરિ:ૐ

# પ્રભુના બળ પરે જીવન

અમારે જીવવાનું છે, પ્રભુના બળ પરે જીવન !
પ્રભુની શક્તિનું કોઈ કરી શકતું ન મૂલ્યાંકન.

અજબનું ને ગજબનું છે, પ્રભુની શક્તિનું બળ તે,
ભરોંસો, આત્મવિશ્વાસ પડી તેનો ગયેલો છે.

હકીકત કલ્પનાની **આ** અમે ઠોકેલી ના તે છે,
થતાં સૌ કર્મસંકલ્પ કૃપાબળના પ્રભાવે તે.

જીવનમાં બળ શું મેળવવા તપશ્ચર્યા કરેલી છે,
પ્રભુએ રીઝીને મુજ પર શું અનહદ ભાવ ઢોળ્યો છે !

હરિઃૐ

## જીવનનું સ્વપ્ન સાચું

જરી તુજ દિલ અણસારો જરીક સરખો જ લાગ્યો છે,
મને **एणे** જગાડીને હૃદય તુજ પદ લગાડ્યું છે.

ચરણકમળે પ્રભુ તારે હૃદયઅર્ધ્ય ધરી ધરીને,
પૂજા અર્ચન અભિષેક હૃદય ઓવારી કરિયાં છે.

તને સંતોષ દિલ દેવા હૃદય શા કોડ મુજને છે !
શું અજવાળી બધું જોઉં ફવાયું ના છતાં હજીયે !

ભલેને **आज** કે **काल** જીવનનું સ્વપ્ન સાચું તે,
જરૂર ફળવાનું છે નિશ્ચે ભરોંસો દિલ ચોંટ્યો છે.

હરિઃૐ

# જીવન છલકાઈ ઊભરાતું

મને તુજ સાથ જોડાવા સ્મરણથી દિલ ઊગેલું છે,
તને દિલથી લગાડીને હૃદય ગ્રહવા ચહેલો છે.

હૃદય લહીને પ્રભુ તુજને જીવનસ્વીકાર કરી કરીને,
જીવનમાં ઓતપ્રોતે શો શું એકાકાર ધરવો છે !

નજર ઝાંખી, સુરખી તારી, છલોછલ દિલ ભરાઈ છે,
જીવનને તરબતર કેવું સુખામૃતથી કરેલું છે !

હૃદય આનંદ આનંદ, સતત આનંદની છોળે,
જીવન છલકાઈ ઊભરાતું બધે પ્રસરાતું કેવુંયે !

હરિઃૐ

# બધાંનાં મૂળમાં હરિ છે

શરીરના રોમરોમેયે ચરણરસ વ્યાપી વ્યાપીને,
તને કેવું જીવનમાં તો વણી લેવું થયેલું છે !

જીવન વાણા અને તાણા વિશે પ્રભુભાવ કેવોયે-
-શું આરપારે સંપૂર્ણ વણાઈ શો ગયેલો છે !

અસત્, સત્‌માં ભળી પૂર્ણ અસત્, સત્‌થી પરે પોતે,
બધીએ તે ભૂમિકામાં વળી શો એકીસંગાથે !

બધું જે તે, રસે તે તે, ભર્યું ભરપૂર હરિથી છે,
બધું તે તે, ન તે તે છે, બધાંનાં મૂળમાં હરિ છે.

હરિઃૐ

## પ્રભુનો ભાવ

ઊંચે ઊંચે ઘણે ઊંચે ગગન જ્યાં કો'ન પહોંચે છે,
પ્રભુનો ભાવ, જીવન ત્યાં પહોંચાડી શકે શો તે !

પ્રભુના ભાવની તોલે કશી શક્તિ ન આવે છે,
પ્રભુનો ભાવ કેળવવા કૃપાથી તો મથાયું છે.

શી તડકીછાંયડી જીવન વિશે જ્યાં ત્યાં નિરાળી છે !
પ્રભુ તુજ આશરો મળતાં નિરાંતેય વળેલી છે.

હવે તો જ્યાં જીવન મારે હરિ જેવો ધણી શિર છે,
બધી વાતે, હકીકતમાં મને સંભાળનારો તે.

હરિઃૐ

# શાંતિ પૂરી છે

ઘણે ઊંચે, ઘણે ઊંચે ગગનથીયે ઘણે ઊંચે,
લઈ ઊંચકી મને કેવો પહોંચાડ્યો પ્રભુએ છે !

હૃદય એવા પ્રભુને મેં પૂરો જીવન અનુભવવા,
મરણિયો દિલ નિશ્ચય શો કરેલો વજ્ર જેવો ત્યાં !

ચઢીનેય પડ્યો હેઠો, છતાં પાછો ઊભો થઈને,
ઊંચે ઊડવા મથેલો છું, વળી પાછો શું હાર્યોયે !

બહુએ હાર ને જીત જીવનમાં શી અનુભવી છે !
જતાં મળી આશરો તારો હવે બસ શાંતિ પૂરી છે.

હરિઃૐ

## મહાસામ્રાજ્ય જીવનનું

હવે મારે ગગન ઊડવાતણી અભિલાષા ના મન છે,
જીવનમાંનું પ્રભુ મુજ તે બધું તે ભોગવાવ્યું છે.

કશું બાકી ન કૈં હાવાં, પ્રભુ જ્યાં તું મળેલો છે,
ચકાચક શી ઊડેલી છે હવે મારે જીવનમાંહે !

ગરીબ તોયે મને મળવું શું બાકી કંઈ રહેલું છે ?
મહાસામ્રાજ્ય જીવનનું મને કેવું મળેલું છે !

કૃપા તારી શી અનહદ છે ! ચરણ તારે પતિતનેયે-
-હૃદયથી ભેટીને શો તેં પૂરો આશ્રય દીધેલો છે !

હરિઃૐ

## કશું ના આકરું લાગે

રમત રમતાં, રમત રમતાં ભૂલો કેવો પડેલો તે !
ફરી ફરી ફેરફુદરડી, ન આરો ક્યાંય આવ્યો છે.

રમતમાં શોધતાં ભિલ્લુ શું દમ નાકે જ આવ્યો છે !
છતાં રસ ખોળવાકેરો કશો દિલમાં ન લાગ્યો છે.

રમત રમતાં, રમત રમતાં ચડસ કેવો ચઢેલો છે !
થયો ખુવાર સૌ રીતે, રમત તોયે ન છોડી છે.

કુનેહે શી રમતમાં છે ! રમત રસ કારણે સહેજે,
પૂરા રસથી જ મશગૂલ રમત આનંદ પ્રેરે છે.

ચડસ ચઢતાં, ચડસ ચઢતાં, કશું ના આકરું લાગે,
રમત રમવાનું દિલ લાગ્યું ન ત્યાં ઊંઘવાનું દિલ રહે છે.

હરિ:ૐ

## મનાદિ શાં ઠરે શ્રવણે !

અમારે તો હરિદર્શન નિરંતર દિલ ધરવાં છે,
નયન ઝાંખી, નયન તીરછી નીરખી દિલ મસ્ત ઠરવું છે.

નયન દીદારની ઝાંખી ભભક સૌંદર્યની ઝલકે,
નયનની મિજબાનીની બલિહારી જ ન્યારી છે.

સુશોભિત ને છટાવાળાં હરિનાં શાં નયન તે છે !
નીરખતાંમાં, નીરખતાંમાં સકળ આધાર રસમુગ્ધે.

હરિ નૂપુરઝંકાર શ્રવણ પડતાં હૃદયમાં તે,
અનેરો નાદ શો દિવ્ય ! મનાદિ શાં ઠરે શ્રવણે !

હરિઃૐ

# જડી કૂંચી

અમારે તો હરિ તારે ચરણ પડી રહી જ જીવવું છે,
હવે ખટખટ કશી ના છે, સ્મરણની મસ્ત રમઝટ છે.

સ્મરણ એ તો પ્રતીક માત્ર, હરિની યાદગીરી છે,
હૃદય જીવતી જ કરવાને સ્મરણ લીધા કરેલું છે.

સ્મરણ લીધે 'હરિ કેવો ! હરિનું મૂળ ક્યાં ક્યાં છે ?'
હરિ જે શોધવા ઊંડી પડેલા ખોજમાં છીએ.

સ્મરણનો ભાવ જીવંતો અખંડ જ્યાં થયેલો છે,
કરણ, ઇંદ્રિય શુદ્ધિમાં બધાં પડતાં જ લાગે છે.

કરણ, ઇંદ્રિય જ્યાં શુદ્ધ થતાં, જીવનના ચેતનની,
થઈ શી ઝાંખી તત્કાળ ! ઊઘડી તાળું, જડી કૂંચી.

હરિઃૐ

# હરિનો ખેલ

પ્રભુ તુજ પરનો દિલનો શો અમારો ભાવ એવો કે-
-સ્મર્યા વિના તને પળ પણ અમારે દિલ ન ચાલે છે.

કદીક દિલ ભાવ એવો કે ન સ્મરવાનુંય ત્યાં રહે છે !
કદીક વળી ભાવ પણ ના છે, શું શૂન્યાકાર લાગે છે !

પ્રભુ છે કે નહિ પોતે ઉભય પાસાનું અસ્તિત્વ-
-કશું ના હોય જાણે શું ! ભૂમિકા તેવી પ્રત્યક્ષ.

ન વર્ણવવું કશું રહે છે, ન વદવાનુંય ત્યાં રહે છે,
હરિનો ખેલ અનુભવથી અનુભવીને જ પ્રિછાશે.

હરિઃૐ

# પ્રભુભાવ

ઊંડાણે સાવ ઊંડાણે, વળી તેથીય ઊંડાણે,-
-અવતરી, કાર્યસાધક થૈ, પ્રસ્થાપિત ભાવ ધરવો છે.

પ્રકૃતિના જીવનમાં તો શી વૃત્તિ મોખરે રહે છે !
પ્રભુમયના જીવનમાં ત્યાં ખરેખર **ભાવ** મહત્ત્વે છે.

અણુઅણુ સંકળાયેલું પરસ્પર જેથી વળગી રહે,
થતા ફેરફાર જેનાથી, પ્રભુનો **ભાવ** એવો છે.

અખંડાકાર દિલભાવ જીવનમાં ઓતપ્રોતે છે,
પ્રકૃતિનુંય રૂપાંતર થતું ત્યાં આપમેળે છે.

હરિ:ૐ

## હરિ કાજે ધર્યા કરીને

હરિ વિના જીવનમાં આ ન વ્યવહાર કશાનો છે,
હરિના સ્નેહના ભાવે અમારું ચિત્ત મોહ્યું છે.

ગમે તે છો, અમે કરીએ છતાં કેવો હરિ સાથે-
-રહ્યા કરીને, હૃદય પૂર્ણ શું આનંદ પમાડે છે !

નજર એકીટશે તુજ પર સતત લાગ્યા કરેલી છે,
શું આકર્ષાઈને તેથી જીવન વારી ગયેલું છે !

હૃદયમાં લાડકોડો શા હરિ કાજે ધર્યા કરીને,
નદીના ધોધના જેવું હૃદય કેવું ઉમંગે છે !

હરિઃૐ

## હરિએ પ્રેમથી અમને

સતત તુજ ખ્યાલમાં કેવો દિવસ આખો વીતે છે જે !
હરિના એકલા માત્ર વિચારોમાં રમે દિલ છે.

બધે જેમાં અને તેમાં હરિને મોખરે રાખી,
કરું જે તે રીઝવવાને હરિને હેત દિલ રાખી.

નિરંતર ગોઠડી દિલમાં હરિની સાથ ધારીને,
બધીયે વાત હરિ સાથે કર્યા હર્ષે કરેલી છે.

થતા સૌ કર્મ હરિઅર્પણ થવા કાજે બનેલાં છે,
હરિએ પ્રેમથી અમને ચરણમાં નાથી લીધા છે.

હરિઃૐ

# પ્રભુનો રંગ લાગ્યો છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણમાં દિલ લાગ્યું છે,
સ્મરણમાં દિલ લાગ્યાથી પદે બંધાઈ પ્રીતિ છે.

પ્રભુમાં પ્રેમ લાગ્યાથી ચરણઆસક્તિ લાગી છે,
પ્રભુ **આ** દિલ પરોવાતાં પ્રભુનો રંગ લાગ્યો છે.

પ્રભુને જ બધું જે તે નિવેદીને સમર્પીને,
મનન ચિંતવન પ્રભુનામાં કર્યા નિશદિન કરેલું છે.

હવે તો એકલું માત્ર વ્યસન હરિનું જ લાગ્યું છે,
હરિનામાં મનાદિ સૌ પૂરાં પલળેલ કેવાં છે !

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું- 'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

હરિ:ૐ

# જીવનઝલક

(ગઝલ)

તમે કહેશો, 'અરે ! **મોટા,** તમારું કામ તે કરીએ,
મદદમાં લાગીએ તમને, પછી કાં આમ બોલો છો ?'

ભલે કરતાં તમે તે છો, હૃદય ઉપકાર માનું તે,
પરંતુ કર્મ કરતાં દિલ ઊછળતો ભાવ ક્યાં તે છે ?

'બધું **'મોટા'** કરી દેશે,' તમારું માનવું તે જે,
'સતત **'મોટા'** વિશે રમતું હૃદય **'મોટા'** વિશે ક્યાં છે ?'

તમારું તેવું છે કે ના તમે અંતર તપાસી લ્યો,
પછી કરવા નિવેદન તે ભલાં થઈ આવજો, યાચું.

*'જીવનઝલક', ત્રીજી આ., પૃ. ૧૩૨, ૧૩૧*

**-શ્રીમોટા**